
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ ડિસેમ્બર ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ આઠમ | અંક : ૧૪૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



### દુબઈમાં આઈપીએલ-૨૦૨૪નું મિનિ ઓક્શન યોજાયું

## મિચેલ સ્ટાર્ક આઈપીએલ ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી, કેકેઆરએ 24.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો

। દુબઈ, તા.૧૯ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ માટે આજે દુબઈમાં ઓક્શનનું આયોજન થઈ રહ્યું છે. આઈપીએલની તમામ ૧૦ ટીમોની સાથે ફેન્સ પણ આ મિની ઓક્શનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આઈપીએલઓક્શન ૨૦૨૪ માટે ૩૩૩ ખેલાડીઓના નામ શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૨૧૪ ખેલાડીઓ ભારતીય છે. આ ૩૩૩ ખેલાડીઓમાં ૧૧૬ કેપ્ડ જયારે ૨૧૫ અનકેપ્ડ અને ૨ એસોસિએટ દેશના ખેલાડીઓ છે. તમામ ૧૦ ટીમોમાં કુલ ૭૭ સ્લોટ ખાલી છે જેમાં ૩૦ સ્લોટ વિદેશી ખેલાડીઓના છે.

શ્રીલંકા ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર દિલશાન મદુશંકાની બેઝ પ્રાઈસ ૫૦ લાખ રૂપિયા હતા. તેના પર પહેલી બોલો લખનઉ સુપર જાયન્ટ્સે લગાવી હતી. ત્યારબાદ મુંબઈ ઈન્ડિયન્સે પણ બોલો લગાવવાની શરુ કરી હતી. બંને ફ્રેન્ચાઈઝી વચ્ચે ચાલેલા આ સંઘર્ષમાં મુંબઈનો વિજય થયો હતો. મુંબઈ ઈન્ડિયન્સે મદુશંકાને ૪,૬૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ભારતીય ખેલાડી જયદેવ ઉનડકટની બેઝ પ્રાઈસ ૫૦ લાખ રૂપિયા હતી. તેના પર પહેલો દાવ સનરાઈઝર્સ હૈદરબાદે લગાવ્યો હતો. તે પછી દિલ્હી કેપિટલ્સ પણ મેદાનમાં ઉતરી હતી. પરંતુ અંતે હૈદરાબાદે જયદેવને ૧.૬૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. મિચેલ સ્ટાર્ક પેટ કમિન્સને પાછળ છોડીને આઈપીએલઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી બની ગયો છે. સ્ટાર્કની બેઝ પ્રાઈસ ૨ કરોડ રૂપિયા હતી. તેને પોતાની ટીમમાં સામેલ કરવા માટે પહેલા દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે સંઘર્ષ જોવા મળ્યો હતો. ત્યારબાદ બિડિંગમાં ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સની એન્ટ્રી થઈ હતી. કોલકાતા અને ગુજરાત વચ્ચે ચાલેલા આ લાંબા સંઘર્ષ પછી અંતે સ્ટાર્કને કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમે ૨૪.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

ભારતીય ફાસ્ટ બોલર શિવમ માવીની બેઝ પ્રાઈસ ૫૦ લાખ રૂપિયા હતા. માવી માટે લખનઉ સુપર જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે સંઘર્ષ થયો હતો.

### કોલકાતા અને ગુજરાત વચ્ચે ચાલેલા લાંબા સંઘર્ષ પછી સ્ટાર્કને કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમે ખરીદ્યો

ભારતના ફાસ્ટ બોલર ઉમેશ યાદવની બેઝ પ્રાઈસ ૨ કરોડ રૂપિયા હતી. ઉમેશને પોતાની ટીમ માં સામેલ કરવા માટે ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે સંઘર્ષ જોવા મળ્યો હતો. પરંતુ અંતે ગુજરાત ટાઈટન્સની ટીમે ઉમેશ યાદવને ૫.૮૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ઉમેશ યાદવે તેના ટી૨૦ કરિયરની ૧૮૬ મેચમાં ૧૯૩ વિકેટ લીધી છે. વેસ્ટ ઈન્ડિઝના ખેલાડી અલ્ઝારી જોસેફની બેઝ પ્રાઈસ ૧ કરોડ રૂપિયા હતી. તેને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ૧૧.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોસેફને ખરીદવા માટે લખનઉ સુપર જાયન્ટ્સે ૧૧.૨૫ કરોડ રૂપિયા સુધીની બોલી લગાવી હતી, પરંતુ અંતમાં આરસીબીએ બાજી મારી હતી. ભારતીય ફાસ્ટ બોલર ચેતન સાકરિયાને કોલકાતા નાઈટ રાઈડર્સે ખરીદ્યો હતો.

## ચેન્નાઈએ વર્લ્ડકપના સ્ટાર રચિન રવીન્દ્રને ૧.૮૦ કરોડમાં ખરીદ્યો

। દુબઈ, તા.૧૯ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ ખૂબ જ ખાસ છે કારણ કે, આ ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની છેલ્લી આઈપીએલહોઈ શકે છે. એમએસ ધોની પહેલા જ સંકેત આપી ચૂક્યો છે કે, કદાચ તે આ છેલ્લી વખત આઈપીએલરમતો નજર આવશે. આવી સ્થિતિમાં ટીમનો પ્રયત્ન એવો જ રહેશે કે, પોતાના કેપ્ટનને ચેમ્પિયન બનાવીને જ વિદાય આપવામાં આવે. ત્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે વર્લ્ડ કપના સૌથી મોટા હીરો રહેલા રચિન રવીન્દ્રને ૧.૮૦ કરોડમાં ખરીદ્યો છે.



**ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ**

એમએસ ધોની (કેપ્ટન), ડેવોન કોનવે, ઋતુરાજ ગાયકવાડ, અજિંક્ય રહાણે, શેખ રાશિદ, રવીન્દ્ર જાડેજા, મિચેલ સેન્ટનર, મોઈન અલી, શિવમ દુબે, નિશાંત સિંધુ, અજય મંડલ, રાજ્યવર્ધન હંગરગેકર, દીપક ચાહર, મહીશ તીક્ષણા, મુકેશ ચૌહાણ, પ્રશાંત સોલંકી, સિમરજીત સિંહ, તુષાર દેશપાંડે, મથીશ પાથિરાના.

સીએસકેએ આ ખેલાડીઓને કર્યા રિલીઝ: બેન સ્ટોક્સ, ડ્વેન પ્રિટોરિયસ, અંબાતી રાયડૂ, સિસંડા મગાલા, કાઈલ જૈમિસન, ભગત વર્મા, આકાશ સિંહ, સુભ્રાંશુ સેનાપતિ.

ચેન્નાઈ સુપર કિંગ્સના સફરની વાત કરીએ તો આ ટીમ પાંચ વખત આઈપીએલ ટાઈટલ જીતી ચૂકી છે. હવે આ વખતે પણ ટ્રોફી જીતીને એમએસ ધોનીને વિદાય આપવાનો પ્રયાસ રહેશે. ચેન્નાઈએ ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩માં આઈપીએલનો ખિતાબ પોતાના નામે કર્યો છે.

### ઓસ્ટ્રેલિયાના બે ભૂતપૂર્વ ખેલાડીઓ પોતાનું કામ છોડીને દુબઈ પહોંચી ગયા હતા

ઓસ્ટ્રેલિયામાં આ સમયે ઘણો વિવાદ ચાલી રહ્યો છે. તેનું કારણ એ છે કે ઓસ્ટ્રેલિયાના બે ભૂતપૂર્વ ખેલાડીઓ પોતાનું કામ છોડીને દુબઈ પહોંચી ગયા છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી સિઝનની હરાજી દુબઈમાં થવાની છે અને તેમાં ભાગ લેવા માટે બંને દુબઈ પહોંચી ગયા છે. આ બે લોકો છે રિકી પોન્ટિંગ અને ટ્રેવર બેલિસ. IPL-૨૦૨૪ હરાજી એક દિવસ માટે ચાલશે અને દુબઈના કોકા-કોલા એરેના ખાતે યોજાશે. આ હરાજી માટે ફ્રેન્ચાઈઝીઓનો મેળાવડો થશે અને કોચિંગ સ્ટાફ સહિત ટીમના માલિકો આ હરાજીમાં ભાગ લેશે. રિકી પોન્ટિંગ દિલ્હી કેપિટલ્સના કોચ છે. બેલિસ પંજાબ કિંગ્સના કોચ છે. આ બંને ટીમ બનાવવાની વ્યૂહરચના અનુસાર હરાજીમાં ખેલાડીઓ ખરીદશે. હરાજીમાં કોચ અને મેન્ટર હાજર રહે તે જરૂરી છે.



### કોરોના વાયરસે ફરી એકવાર વાપસી કરી

## ગુજરાતમાં ફરી કોરોનાની એન્ટ્રી, કોવિડના બે કેસ સામે આવ્યા

### બે મહિલાઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં હાલ બન્ને દર્દીઓ હોમઆઇસોલેશન હેઠળ છે

| ગાંધીનગર, તા.૧૯ |

ગુજરાતમાં પણ એન્ટ્રી કરતાં ફરી ચિંતા વધારી છે. રાજ્યમાં કોવિડના બે કેસ સામે આવ્યા છે. બંને દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રીની વાત કરીએ તો, તેમણે દક્ષિણ ભારતમાં મુસાફરી કરી હતી. તો બંને દર્દીઓની તબિયત હાલ સ્થિર હોવાનું સામે આવ્યું છે.

કોરોના વાયરસે ફરી એકવાર વાપસી કરી છે. કોરોના વાયરસના નવા સબ-વેરિઅન્ટે વિશ્વમાં ફરી એકવાર ટેન્શન વધાર્યું છે. ભારતમાં કેરળમાં આ વાયરસના કેસ સામે આવ્યા હતા. ત્યારે કોરોનાએ ગુજરાતમાં પણ એન્ટ્રી કરતાં ફરી ચિંતા વધારી છે. રાજ્યમાં કોવિડના બે કેસ સામે આવ્યા છે. આ બંને કેસ ગાંધીનગરમાં નોંધાયા છે. બે મહિલાઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં હાલ બન્ને દર્દીઓ હોમઆઈસોલેશન હેઠળ છે. બંને દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રીની વાત કરીએ તો, તેમણે દક્ષિણ ભારતમાં મુસાફરી કરી હતી. તો બંને દર્દીઓની તબિયત હાલ સ્થિર હોવાનું સામે આવ્યું છે.

### દેશની કુલ કેપેસિટીમાં ગુજરાતનો ૩૧ ટકા હિસ્સો

## રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં ગુજરાત દેશમાં સૌથી આગળ

### ગુજરાતમાં માત્ર શહેરો જ નહીં પરંતુ નાના ગામડાં પણ રૂફટોપ સોલાર પેનલ લગાડવામાં આગળ નીકળી ગયા

| અમદાવાદ, તા.૧૯ |

રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં ગુજરાત આખા દેશમાં સૌથી આગળ છે અને તેના કારણે ગુજરાતીઓએ લાઈટબિલમાં પણ મોટી બચત કરી છે. લેટેસ્ટ આંકડા પ્રમાણે ગુજરાતમાં સોલાર પેનલ ઈન્સ્ટોલ કરાવનારા ૪૩ ટકા ઘરોમાં લાઈટબિલમાં મહિને ઓછામાં ઓછા ૧૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. ગુજરાતમાં માત્ર શહેરો જ નહીં પરંતુ નાના ગામડાં પણ રુફટોપ સોલાર પેનલ લગાડવામાં બહુ આગળ નીકળી ગયા છે.

વડોદરાની એમ એસ યુનિવર્સિટી અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL)ના તાજેતરના સ્ટડીમાં આ હકીકત બહાર આવી છે. આ અભ્યાસમાં રૂફટોપ સોલાર પેનલની સ્કીમ કેટલી સફળ રહી છે અને તેનાથી લોકોને કેટલો ફાયદો



થયો તેનો અંદાજ કાઢવામાં આવ્યો છે. શનિવારે અમદાવાદ ખાતે નેશનલ કોક્લેવ ઓન સોલાર રૂફટોપમાં આ ડેટા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

ગુજરાતમાં હાલમાં મકાનો પર રૂફટોપ સોલારનું ચલણ એટલું બધું વધ્યું છે કે તેનાથી વીજ ઉત્પાદનમાં પણ સતત વધારો થયો છે. અત્યારે ગુજરાતમાં સોલાર પેનલની ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૩૧૭૪ મેગાવોટ છે અને આખા દેશની કુલ ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૧૦,૪૦૬ મેગાવોટમાં ગુજરાત ૩૧ ટકા હિસ્સો ધરાવે છે તેવું લોકસભામાં સરકારે જણાવ્યું હતું. રિન્યુએબલ એનર્જી મંત્રી આર કે સિંઘે જણાવ્યું કે સોલર રૂફટોપ સ્કીમના બીજા તબક્કામાં ગુજરાત સૌથી મોટો લાભાર્થી રાજ્ય છે. આ સ્કીમમાં સોલાર પેનલ લગાવવા માટે સરકાર દ્વારા ૭૪ ટકા સુધી સબસિડી સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯ અને નવેમ્બર ૨૦૨૩ વચ્ચે ગુજરાતની ઈન્સ્ટોલ્ડ કેપેસિટી ૧૯૫૬ મેગાવોટ હતી જે કુલ કેપેસિટીમાં ૬૧ ટકા હિસ્સો ધરાવે છે. અન્ય એક જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે ગુજરાત સોલાર પાવર જનરેશનમાં બીજા ક્રમે હતું અને ૧૦,૪૧૭ મેગાવોટ વીજ ઉત્પાદનકરવામાંઆવ્યુંહતું.એટલેકેકુલ ઉત્પાદન ક્ષમતામાં ગુજરાતનો હિસ્સો ૩૦ ટકા કરતા વધુ છે. અમદાવાદના એક એનર્જી એક્સપર્ટે જણાવ્યું કે અલગ અલગ જગ્યાએથી સોલાર પેનલ પાવર જનરેશનનો ડેટા આવતો હોય છે.

### પાંચ હજાર ડાયમંડ અને બે કિલો ચાંદીનો કરાયો ઉપયોગ

## સુરતના જ્વેલર્સે રામ મંદિરની થીમ પર બનાવ્યો હીરાનો નેકલેસ

| સુરત, તા.૧૯ |

સુરતના એક હીરાના વેપારીએ ૫૦૦૦ અમેરિકન ડાયમંડ અને બે કિલો ચાંદીનો ઉપયોગ કરીને રામ મંદિરની થીમ પર નેકલેસ બનાવ્યો છે. ૪૦ કારીગરોએ ૩૫ દિવસમાં ડિઝાઈન પૂર્ણ કરી હતી. રસેશ જ્વેલર્સના ડાયરેક્ટર કૌશિક કાકડિયાએ જણાવ્યું કે નેકલેસમાં ૫૦૦૦થી વધુ અમેરિકન હીરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે બે કિલોગ્રામ ચાંદીથી બનેલું છે. સરસાણા જ્વેલરી એક્સપો દ્વારા આયોજિત એક્ઝિબિશનમાં રામમંદિરનો દરબાર અને મૂર્તિ મુકવામાં આવી છે.

સુરતના એક હીરાના વેપારીએ ૫૦૦૦થી વધુ અમેરિકન હીરાનો ઉપયોગ કરીને રામ મંદિરની થીમ પર નેકલેસ બનાવ્યો છે. હીરાના વેપારીએ તેને અયોધ્યામાં રામ મંદિર માટે ભેટ આપવાનો નિર્ણય કર્યો છે. ચાંદી અને અમેરિકન હીરાથી બનેલા આ નેકલેસ ઉપરાંત સુરતના વેપારીએ સોના-



ચાંદીમાંથી રામ દરબારની સાથે સાથે ભગવાન રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનજીની મૂર્તિઓ પણ બનાવી છે. જે સરસાણા જ્વેલરી એક્સપોમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આવતા વર્ષે ૨૨ જાન્યુઆરીએ બપોરે રામ મંદિરના ગર્ભગૃહમાં રામ લલ્લાને બિરાજમાન કરાવવાનો નિર્ણય લીધો. ભગવાન રામનું જન્મસ્થળ અયોધ્યા ભારતના લોકો માટે આધ્યાત્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. રસેશ જ્વેલર્સના ડાયરેક્ટર કૌશિક કાકડિયાએ જણાવ્યું કે નેકલેસમાં ૫૦૦૦થી વધુ અમેરિકન હીરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### સરકાર સામે અનોખો વિરોધ

## ધોરાજીના ખેડૂતે ખેતરમાં જ ડુંગળીના ઢગલામાં લગાવી સમાધિ

### ખેડૂતોએ ડુંગળીની નિકાસબંધી અને ઘટતા ભાવ વચ્ચે પોતાના જ ખેતરમાં ડુંગળીના ઢગલામાં સમાધિ લગાવી છે

| ધોરાજી, તા.૧૯ |

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીને લઈને વિવાદ વકર્યો છે. સત્તા પક્ષ અને વિપક્ષી બન્ને ડુંગળી મામલે સામે સામે નિવેદનબાજી કરી રહ્યાં છે, તો બીજીબાજુ રાજ્યના ડુંગળી પ કવતા ખેડૂતો સરકાર સામે વિરોધનો સૂર રેલી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસબંધ કરી છે અને હવે તેની સાથે સાથે ડુંગળીના ભાવોમાં પણ જોરદાર ઘટાડો આવ્યો છે. ખેડૂતોના પડ્યા પર પાટુ જેવી સ્થિતિ પેદા થઈ છે. આ બધાની વચ્ચે હવે ધોરાજીના ખેડૂતે અનોખી રીતે સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે. ખેડૂતો પોતાના ખેતરમાં જ ડુંગળીની વચ્ચે સમાધિ લગાવી દીધી છે. હાલમાં જ સામે આવેલા સમાચાર પ્રમાણે, ધોરાજીના ખેડૂતોએ ડુંગળીની નિકાસબંધી અને ઘટતા ભાવ વચ્ચે પોતાના જ ખેતરમાં ડુંગળીના ઢગલામાં સમાધિ લગાવી છે. હાલમાં ખેડૂતોનો આ વીડિયો ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. ધોરાજીના એક ખેતરમાં એક ખેડૂતો પોતાના માથા સુધી ડુંગળીનો ઢગલો કર્યો છે.

### અમદાવાદમાં ઘરઘાટીની કરામત

## માલિક બહાર જવા નીકળ્યાં ત્યારે ઘરમાં ઘૂસીને કરી ૧૦.૫૦ લાખની ચોરી

| અમદાવાદ, તા.૧૯ |

અમદાવાદમાં ફરી એકવાર મોટી ચોરીની ઘટનાએ પોલીસ તંત્ર પર સવાલો ઉઠાવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, શહેરના નવરંગપુરા વિસ્તારમાં ૧૦ લાખ રૂપિયાથી વધુની ચોરીની ઘટના ઘટી છે, આ સમગ્ર ચોરીની ઘટનાને ઘરઘાટીએ જ અંજામ આપ્યો હોવાનુ સામે આવ્યુ છે. હાલમાં પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ખરેખરમાં, શહેરના નવરંગપુરા વિસ્તારમાં એક ઘરમાં ઘરઘાટીએ પોતાના જ માલિકને ચકમો આપીને ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. જ્યારે માલિકના ઘરમાં આખો પરિવાર વતન જઈ રહ્યો હતો, તે પહેલા જ ઘટઘાટીએ તકનો લાભ ઉઠાવીને ઘરઘાટી પાછળના દરવાજાથી ઘરમાં ઘૂસ્યો હતો, અને ૧૦.૫૦ લાખ રૂપિયાની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. જોકે, ચોરીની સમગ્ર ઘટના ઘરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ, જેમાં સ્પષ્ટ રીતે ઘરઘાટી ચોરીની ઘટનાને અંજામ આપતો હોવાનું દેખાઈ રહ્યું છે. દાહોદમાં તસ્કરોનો આતંક સામે આવ્યો છે. દાહોદમાં એક સોસાયટીમાં ચોરોએ ચોરી કરવા માટે અનોખી રીત અપનાવી છે.

### Facebookના માધ્યમથી નોકરી વાંચ્છુકોને

## યુ.કેના વિઝા આપવાના નામે એક કરોડથી વધુની છેતરપિંડી

### કરોડો રૂપિયાની રકમ પડાવી લીધા બાદ નોકરી યુ.કે.ના વિઝા અપાવવાના નામે બંટી બબલીની જોડીએ છેતરપિંડી આચરી હતી

| સુરત, તા.૧૯ |

નોકરી વાંચ્છુક પાસેથી યુકેના વિઝા અપાવવાના નામે રૂપિયા ૧.૦૫ કરોડ જેટલી રકમ ખંખેરી ભૂગર્ભમાં ઊતરી ગયેલી બંટી બબલીની જોડી પૈકીના એક આરોપીની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા દિલ્હી ખાતેથી ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. જ્યારે ફરાર આરોપીની પત્નીની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે. મહત્વનું છે કે, બંટી-બબલીની જોડી facebook ના માધ્યમ થકી નોકરી વાંચ્છુકને યુકેના વિઝા અપાવવાની લાલચ આપી સુરતના વેસુ સ્થિત ઓફિસે મળવા માટે બોલાવતા હતા. ત્યાં નોકરી વાંચ્છુક પાસેથી લેખિતમાં કરાર કરી ૧૫ લાખ રૂપિયા જેટલી રકમ નક્કી કરવામાં આવતી હતી. જે પૈકી પાંચ લાખ રૂપિયા જેટલી રકમ એડવાન્સ પેટે પડાવી લેવામાં આવતી હતી. સુરતના ઉમરા વિસ્તારમાં ઓફિસ શરૂ કરી નોકરી વાચ્છુકોનો ફેસબુકના માધ્યમથી સંપર્ક કરી યુકેના વિઝા અપાવવાના નામે એક કરોડથી વધુની રકમ બંટી-બબલીની જોડીએ ખંખેરી લીધા હતા.ઉમરા પોલીસ મથકમાં નોંધાયેલ ફરિયાદ મુજબ, યુસુફ ખાન પઠાણ અને તેની પત્ની રિવ્યાના ખાન પઠાણ દ્વારા ઉમરા પોલીસ મથકની હદમાં આવેલા વેસુ ખાતે ઓફિસ શરૂ કરવામાં આવી હતી. Facebook ના માધ્યમથી નોકરી વાંચ્છુકોનો સંપર્ક કરી યુ.કે ના વિઝા અપાવવાના નામે પોતાની ઓફિસે બોલાવવામાં આવતા હતા. જ્યાં બાંહેધરી કરાર લખાવી ૧૫ લાખ રૂપિયામાં યુકેના વિઝા અપાવવાની



લાલચ આપવામાં આવતી હતી. જેનું એડવાન્સ પેટે વ્યક્તિ દીઠ પાંચ લાખ રૂપિયા લેવામાં આવતા હતા. આ રીતે બંટી બબલી ની જોડીએ કુલ ૨૧ જેટલા નોકરી વાંચ્છુકો પાસેથી ૧.૦૫ કરોડ રૂપિયા જેટલી રકમ પડાવી લેવામાં આવી હતી. કરોડો રૂપિયાની રકમ પડાવી લીધા બાદ નોકરી યુ.કે.ના વિઝા અપાવવાના નામે બંટી બબલી ની જોડી એ છેતરપિંડી આચરી હતી. એટલું જ નહીં પોતાની ઓફિસ બંધ કરી બંટી-બબલી ની જોડી ભૂગર્ભમાં ઉતરી ગઈ હતી. જ્યાં ધરપકડથી ટાળવા ભાગતી-ફરતી આ જોડીને ઝડપી પાડવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન આ ગુનાની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા સુરત ઈકો શેલને સોંપવામાં આવી હતી. જે ગુનાની તપાસ કરી રહેલી ઈકો સેલ દ્વારા બંટી -બબલી ની જોડી પૈકી આરોપી યુસુફ ખાન પઠાણની દિલ્હી ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. ઈકો શેલને માહિતી મળી હતી કે, આ ગુનાનો આરોપી દિલ્હી ખાતે હાલ આવી રહ્યો છે.

### લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને મળશે ઝટકો?

## MLA ચિરાગ પટેલ આપી શકે છે રાજીનામું

| અમદાવાદ, તા.૧૯ |

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં હલચલ જોવા મળી રહી છે. થોડા દિવસ પહેલા આપના વિસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ રાજીનામું આપ્યું છે. જ્યારે હવે આધારભૂત સૂત્રોના માધ્યમથી સમાચાર મળી રહ્યા છે કે, ગુજરાત કોંગ્રેસના એક ધારાસભ્ય ચિરાગ પટેલ પણ રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ શકે છે. આ અંગે આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગુજરાત કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપના સંપર્કમાં



છે. ત્યારે આજે ગુજરાત કોંગ્રેસને એક ઝટકો લાગી શકે છે. ગુજરાત કોંગ્રેસના ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલ આજે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ શકે છે. નોંધનીય છે કે, તેઓ પહેલીવાર ધારાસભ્ય બન્યા છે. ચિરાગ અરવિંદ પટેલ વ્યવસાયે કોન્ટ્રાક્ટર છે. ૪૩ વર્ષના ચિરાગ પટેલ ૧૦મું પાસ છે. ૨૦૨૨માં ખંભાતથી ૩૭૧૧ મતથી જીત્યા હતા અને સામે ભાજપના મયુર રાવલને માત આપી હતી. ચિરાગ પટેલ વાસણાના સરપંચ પદે હતા. તેઓ સહકારી ક્ષેત્રમાં પણ પ્રભુત્વ ધરાવે છે. આ સાથે તેઓ કોંગ્રેસના જુના કાર્યકર ગણાય છે. ગુજરાત કોંગ્રેસના ખંભાતના ધારાસભ્ય ચિરાગ પટેલ આજે સવારે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીને પોતાનું રાજીનામું આપી શકે છે. જે બાદ તેઓ વિધિવત રીતે ભાજપમાં જોડાઈ શકે છે. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા વિસાવદરના આપના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીને રાજીનામું આપી દીધું છે. ભૂપત ભાયાણી હવે ગમે ત્યારે ભાજપમાં જોડાઈ શકે છે. રાજીનામું આપતા પહેલા ભૂપત ભાયાણીએ મોટું નિવેદન આપ્યું હતુ. તેમણે કહ્યુ હતુ કે, હું ભાજપનો જ કાર્યકર હતો. હું રાષ્ટ્રવાદી વ્યક્તિ છું અને મારે જનતા માટે કામ કરવાના છે. આ સાથે તેમણે કહ્યુ છે કે, મારે જનતાના કામ કરવાના છે. મેં મારા કાર્યકરોને પૂછીને આ નિર્ણય લીધો છે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરવાનો હોય છે.

**વિશેષ** — ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને ઇસરો દ્વારા છઠ્ઠી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન-૨૦૨૩નું આયોજન

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છઠ્ઠી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનનો પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને ઈસરોના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલી છઠ્ઠી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનનો અમદાવાદના શિવાનંદ આશ્રમ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છઠ્ઠી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનના ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ અમૃતકાળમાં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે. આ સંકલ્પને સાકાર કરીને નવા ભારતના નિર્માણમાં દેશના નવયુવાનોની પ્રતિભા, તેમનો જુસ્સો અને ટેલેન્ટ ખૂબ જ મહત્વની સાબિત થવાની છે.

૨૦૪૭ માં વિકસિત ભારતના નિર્માણમાં આવનારા પડકારો અને પ્રશ્નોના સમાધાન નવા વિચારો, નવા કલેવર અને નવા સંશોધનો સાથે શોધવાની જરૂર છે. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન જેવા પ્લેટફોર્મ વિવિધ સેક્ટરના રીયલ લાઈફ પ્રોબ્લેમને સોલ્વ કરવાની દિશામાં દેશની યુવાશક્તિને યથાયોગ્ય રીતે સહભાગી બનાવશે એમ તેમણે ઉમેર્યું હતું.

દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ‘જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન’ના સૂત્ર સાથે ’જય અનુસંધાન’ શબ્દ જોડીને ખરાં અર્થમાં દેશને રિસર્ચ અને ડેવલપમેન્ટ ક્ષેત્રે નવા આયામ ઉપર પહોંચાડવાનું કાર્ય કર્યું છે. સરકારી વિભાગો, ઈન્ડસ્ટ્રી, મંત્રાલયો વગેરેના રિયલ ટાઈમ પ્રોબ્લેમના સોલ્યુશન માટે સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન એક મહત્વનું પ્લેટફોર્મ છે. આ ઈવેન્ટ દેશની સમસ્યાઓ અને પડકારોનો સમાધાન માટે યુવાવર્ગની હકારાત્મક



ભાગીદારી સુનિશ્ચિત કરે છે. પ્રોબ્લેમ સોલ્વિંગ એટીટ્યુડ ધરાવતી યુવા પ્રતિભાઓનો આ મહાસંગમ છે. દેશને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચવાનું બહુમાન પ્રાપ્ત કરાવનારી ઈસરો જેવી પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા આ સ્પર્ધાના પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ સૂચવવામાં આવ્યા છે, જે ગૌરવની વાત છે. સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન જેવા ઉપક્રમો દેશના પ્રતિભાશાળી યુવાનોની આકાંક્ષાઓને દિશા આપીને વિકસિત ભારતના નિર્માણમાં પ્રેરકબળ પૂરું પાડશે એમ તેમણે ઉમેર્યું હતુ.

વધુમાં વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દેશમાં આજે આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિજિટલ ટેકનોલોજી, કૃષિ, શિક્ષણ, ડિફેન્સ જેવા દરેક ક્ષેત્રે ક્રાંતિ થકી આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ રહ્યું છે અને દેશના યુવાઓ માટે નવી તકોનું નિર્માણ થઈ રહ્યું છે. આજે દેશમાં રિસર્ચ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે નવી શિક્ષણનીતિ, અટલ ઈનોવેશન મિશન, આઈ-ક્રિએટ, આઈ-હબ જેવા અનેકવિધ ઉપક્રમો શરૂ કરવામાં આવ્યા છે. આઈ-ક્રિએટ જેવી સંસ્થાએ ૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ તૈયાર કર્યા છે. અટલ ટીંકરીંગ લેબ યુવાઓના આઈડિયાને સાકાર કરવા માટે સુવિધા પૂરી પાડે છે. આવા અનેકવિધ વિકાસલક્ષી નિર્ણયો અને કાર્યોના લીધે આપણો દેશ આજે ઈનોવેશન ઈન્ડેક્સ માં ખૂબ જ આગળ વધ્યો છે. દેશમાં પેટન્ટ સાત ગણા વધ્યા છે, જ્યારે એક લાખથી વધુ સ્ટાર્ટઅપ શરૂ થયા છે એમ તેમણે ઉમેર્યું હતું. સરકારના સહકાર દ્વારા દેશની યુવા શક્તિ વિકસિત ભારતના નિર્માણમાં મહત્વનું યોગદાન આપશે તેવો આશાવાદ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનના પ્રારંભે ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, પહેલાના સમયમાં ટેકનોલોજી, દવાઓ, વેક્સિન જેવી આરોગ્ય સેવાઓ સહિત અવનવા સંશોધનોના પરિણામો આપણા સુધી આવતા ઘણું મોડું થઈ જતું હતું. વિશ્વના અન્ય દેશોમાં ટેકનોલોજી ઘણી પહેલા આવી જતી હતી. પ્રાચીન સમયથી જ ભારતે વિજ્ઞાન ક્ષેત્રે ખગોળશાસ્ત્ર, ગ્રહો, નક્ષત્રો, ચંદ્ર અને સૂર્યની ગતિ સહિત શૂન્ય જેવી અનેક શોધો વિશ્વને આપી છે, પરંતુ કમનસીબે આપણું વિજ્ઞાન, આપણા ઋષિમુનિઓનું જ્ઞાન, વેદોની વિદ્યા અને આપણા પ્રાચીન ગ્રંથોમાં રહેલા વિજ્ઞાનનો આપણે જેવો જોઈએ તેવો ઉપયોગ કરી શક્યા નહોતા.

વધુમાં વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, આજે ૨૧મી સદીમાં સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે દિશા બદલાઈ છે. આજે આપણે વિશ્વમાં ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચવા વાળો પહેલો દેશ બન્યા છીએ. આજે દુનિયાભરમાં સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતની બોલબાલા છે. સિલિકોન વેલી સહિત દેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં આપણા યુવાનો કાઠું કાઢી રહ્યા છે. આજે આપણે સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે અન્ય દેશો પર નિર્ભર રહ્યા નથી. આપણે આપણી સમસ્યાઓના સમાધાન જાતે જ મેળવી રહ્યા છીએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શનમાં આજે દેશની યુવા શક્તિ અને સ્ટાર્ટઅપ્સને યોગ્ય પ્લેટફોર્મ મળી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતુ.

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન વિશે વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, દેશમાં વિવિધ ક્ષેત્રોમાં ઉદભવી રહેલી રોજિંદી સમસ્યાઓના સમાધાન શોધવાના વિચાર સાથે સંકળાયેલી આ સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન એક અનોખી સ્પર્ધા છે, જે દેશની યુવા શક્તિને સાથે લાવીને દેશની સમસ્યાઓના સમાધાન માટે તેમની સ્કિલનો ઉપયોગ કરશે. ગુજરાતમાં આઈ-હબ જેવી સંસ્થા સ્ટાર્ટઅપ્સને ’માઈન્ડ ટુ માર્કેટ’ના મંત્ર સાથે વર્કિંગ સ્પેસ, એન્જલ ઈન્વેસ્ટમેન્ટ, બિઝનેસ ડેવલપમેન્ટ અને રોજગારી સર્જનથી લઈને યુનિકોર્ન બનાવવા સુધીની સફરમાં દરેક ક્ષેત્રે માર્ગદર્શન અને અન્ય ટેકનીકલ સપોર્ટ પૂરો પાડી રહી છે. જેનાથી રાજ્યના ઈન્ટેલેકચુઅલ માસ અને સ્ટાર્ટઅપ્સને નવી દિશા મળી રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

જીટીયુના વાઈસ ચાન્સેલર ડો. રાજુલ ગજ્જરે જણાવ્યું કે, સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનમાં કુલ ૩૪ જેટલા કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગો સહિત સમગ્ર ભારતનાં ઉદ્યોગો દ્વારા મોકલવામાં આવેલ ૨૩૪ જેટલી સમસ્યા (પ્રશ્નો)ની યાદી આપવામાં આવી છે.

આ સમસ્યાઓનું નિરાકરણ લાવવા માટે દેશના ૧૪ રાજ્યોમાંથી ૪૬ જેટલી ટીમો ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના નોડલ સેન્ટરમાં જોડાનાર છે. આ જ રીતે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી અને તેની સંલગ્ન કોલેજોની ૧૦ ટીમો ગુજરાત બહારના બીજા નોડલ સેન્ટરમાં આ જ પ્રકારની હેકાથોન કસોટીમાં ભાગ લેવા માટે ગઈ છે. ભારત સરકાર દ્વારા હેકાથોન કાર્યક્રમ માટે ૪૭ નોડલ સેન્ટર નક્કી કરવામાં આવ્યા છે. આ પૈકીનું એક કેન્દ્ર ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી પણ છે એમ તેમણે ઉમેર્યું હતું. ઈસરોના ડાયરેકટર ડો. નિલેશ દેસાઈએ આ હેકાથોન ઈવેન્ટના પ્રારંભ પ્રસંગે જણાવ્યું કે, યુવાઓએ જ્યારે પોતાના રસની પ્રવૃત્તિ કરે છે ત્યારે ચોક્કસ સફળતા મેળવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શનમાં આ વર્ષે સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનની સોફ્ટવેર એડિશન યોજાવા જઈ રહી છે. જીટીયુ અને ઈસરોના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલી આ ઈવેન્ટ યુવાઓના ઈનોવેશન સ્પિરિટ, પ્રોબ્લેમ સોલ્વીંગ સ્કીલ અને વિચાર શક્તિને એક યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે. ઈસરોએ વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા પ્રવર્તમાન સમસ્યાઓના નવ જેટલા પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ આ ઈવેન્ટ માટે નક્કી કર્યા છે.

### નવી દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનની ચોથી બેઠક સમાપ્ત

# મલ્લિકાર્જુન ખડગેને પીએમ પદના ઉમેદવાર બનાવવા ઈન્ડિયાનો પ્રસ્તાવ

। નવી દિલ્હી, તા.૧૯ ।

નવી દિલ્હીના અશોક હોટલમાં યોજાયેલી ઈન્ડિયા ગઠબંધનની ચોથી બેઠક સમાપ્ત થઈ છે. બેઠકમાં ૫ રાજ્યોના ચૂંટણી પરિણામો, સંસદમાં સુરક્ષામાં ચુક, સંસદની શિયાળુ સત્રમાં વિપક્ષના ૯૨ સાંસદોને સસ્પેન્ડ કરવા મામલે ચર્ચા થઈ છે. ઉપરાંત આગામી લોકસભા ચૂંટણીની રણનીતિ પર પણ ચર્ચા થઈ છે. બેઠકમાં નીતીશ કુમારે વડાપ્રધાન પદના ઉમેદવાર બનવાનો ઈન્કાર કરી દીધો છે, તો પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાનો પ્રસ્તાવ મુક્યો છે, જોકે આ પ્રસ્તાવ અંગે ખડગેએ કહ્યું કે, પહેલા ચૂંટણી જીતવા પર ધ્યાન આપવું જોઈએ. બેઠકમાં ટીએમસીએ ગઠબંધનની ઘણા પક્ષો સાથે મળીને તમામ સિટ શેરિંગની પર વાતચીત પૂરી કરી લીધી છે. સિટ શેરિંગની કામગીરી ૩૧ ડિસેમ્બર સુધીમાં પુરી કરવાનો પણ સમય નક્કી કરાયો છે. તો બેઠક બાદ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલ યાદવે બેઠક વહેંચણી મુદ્દે કહ્યું કે, તમામ પક્ષો વહેલીતકે સિટ શેરિંગ કરી મેદાનમાં જવા તૈયાર છે. ટૂંક સમયમાં બેઠકની વહેંચણી કરી દેવાશે. બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, બેઠકમાં અમે ૨થી ૩ કલાક સુધી વિચાર-વિમર્શ કર્યો અને રણનીતિ પર સહમત થયા છીએ. ઉપરાંત ૧૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવા મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી છે, જેની અમે નિંદા કરી છે. અમે એક પ્રસ્તાવ પણ પાસ કર્યો છે, જે અલોકતાંત્રિક છે. દિલ્હીમાં યોજાયેલી ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને રાજ્યસભા સાંસદ સંજય રાઉત, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, ડીએમકે નેતા, તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિન, એનસીપીના વડા શરદ પવાર, આરએલડી નેતા જયંત ચૌધરી, સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવ સહિતના નેતાઓએ બેઠકમાં ભાગ લીધો હતો. જ્યારે ઝારખંડના મુખ્યંત્રી હેમંત સોરેન વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠકમાં જોડાયા હતા. ઈન્ડિયા ગઠબંધનની બેઠક પહેલા કોંગ્રેસે લોકસભા ચૂંટણી-૨૦૨૪ને ધ્યાને રાખી ૫ સભ્યોની નેશનલ એલાયન્સ સમિતી બનાવી છે.

## ન્યૂઝ બ્રિફ

### આઈપીએલમાં બોલર્સ એક ઓવરમાં બે બાઉન્સર્સ ફેંકી શકશે



। દુબઈ, તા.૧૯ ।

આજે દુબઈમાં આઈપીએલ ૨૦૨૪ માટે ઓક્શનનું આયોજન કરવામાં આવશે. પરંતુ તે પહેલા બોલર્સ માટે સારા સમાચાર સામે આવ્યા છે. મળેલા અહેવાલો મુજબ આઈપીએલ ૨૦૨૪માં કેટલાંક નિયમ બદલાશે અને કેટલાંક નવા નિયમો બનાવવામાં આવશે. આઈપીએલ ૨૦૨૩ પહેલા પણ ઈમ્પેક્ટ પ્લેયર અને નો બોલ, વાઈડ બોલને રિવ્યુ કરવાનો નિયમ આવ્યો હતો. મીડિયા અહેવાલો મુજબ આઈપીએલની આગામી સિઝનમાં બોલર્સ એક મેચની દરેક ઓવરમાં ૨ બાઉન્સર્સ ફેંકી શકશે. અત્યાર સુધી આઈપીએલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જેવા નિયમો હતો, જે મુજબ બોલર એક ઓવરમાં માત્ર એક જ બાઉન્સર ફેંકી શકતો હતો. એક બાઉન્સરથી વધુ ફેંકવા પર તેને નો બોલ માનવામાં આવતું હતું. જો કે હવે આઈપીએલમાં આવું નહીં થાય. પરંતુ હજુ સુધી આ નવા નિયમ અંગે બીસીસીઆઈતરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

### સીએસકેમાં ધોનીનું જે પદ છે એજ મુંબઈમાં રોહિત શર્માનુઃ ઈરફાન

। મુંબઈ, તા.૧૯ ।

રોહિત શર્માને આઈપીએલ ૨૦૨૪ પહેલા મુંબઈ ઈન્ડિયન્સે કેપ્ટન પદથી હટાવીને તેની જગ્યાએ હાર્દિક પંડ્યાને નવો કેપ્ટન બનાવી દીધો છે. રોહિતે મુંબઈ ઈન્ડિયન્સને ૫ આઈપીએલટ્રોફી જીતાડી છે તેમ છતાં રોહિતને હટાવીને હાર્દિકને કેપ્ટનશીપ આપવા બદલ મુંબઈ ઈન્ડિયન્સના ચાહકો ફ્રેન્ચાઈઝીથી ખુબ નારાજ છે. રોહિત શર્માને કેપ્ટનના પદથી હટાવ્યા બાદ પૂર્વ ભારતીય ખેલાડી ઈરફાન પઠાણે મુંબઈ ઈન્ડિયન્સમાં રોહિત શર્માના પદ વિશે વાત કરી હતી. ઈરફાન પઠાણે વાતચીત દરમિયાન કહ્યું હતું કે ચેન્નઈ સુપર કિંગ્સમાં જે પદ એમએસ ધોનીનું છે તે જ પદ મુંબઈ ઈન્ડિયન્સમાં રોહિત શર્માનું છે. પૂર્વ ભારતીય ખેલાડી ઈરફાન પઠાણે કહ્યું, 'ટીમમાં રોહિત શર્માનું સ્થાન ઘણું મોટું છે. મારા માટે રોહિત શર્માની મુંબઈમાં એ જ જગ્યા છે જે એમએસ ધોનીની ચેન્નઈ સુપર કિંગ્સમાં છે. રોહિતે કેપ્ટન તરીકે ખુબ મહેનતથી ટીમનું નિર્માણ કર્યું છે. તેણે ટીમ માટે ઘણું યોગદાન આપ્યું છે. તે હંમેશા ટીમ મીટિંગમાં હોય છે.' ઈરફાન પઠાણે વધુમાં કહ્યું, 'રોહિત એક શાનદાર કેપ્ટન છે.

### મોદી પર ટીપ્પણી કેસમાં સંજય રાઉત સામેનો દેશદ્રોહનો કેસ હટાવાયો



। મુંબઈ, તા.૧૯ ।

શિવસેના (યુબીટી) સાંસદ સંજય રાઉતને આજે મોટી રાહત મળી છે. મહારાષ્ટ્ર પોલીસે સંજય રાઉત પર લાગેલા દેશદ્રોહના આરોપને હટાવી દીધો છે. અધિકારીએ કહ્યું કે, પોલીસ દ્વારા કાયદાકીય અભિપ્રાય અને અને સલાહ લીધા બાદ રાઉત વિરુદ્ધ દેશદ્રોહનો આરોપ હટાવી દેવામાં આવ્યો છે. યવતલામ જિલ્લામાં સંજય રાઉત વિરુદ્ધ કેસ નોંધાયો હતો. રાઉત વિરુદ્ધ ઉમરખેડ પોલીસ સ્ટેશનમાં કલમ ૧૨૪(એ) (દેશદ્રોહ), ૧૫૩(એ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેમના વિરુદ્ધ કલમ ૫૦૫ (૨) પણ જોડી દેવામાં આવી હતી. સંજય રાઉતે પોતાની પાર્ટીના મુખપત્ર 'સામના'માં એક લેખ લખ્યો હતો. સંજય રાઉત પર પીએમ મોદી વિરુદ્ધ વાંધાજનક લેખ લખવાનો આરોપ છે. રાઉત 'સામના'ના એક્ઝિક્યુટિવ એડિટર છે. સંજય રાઉતે સામના'માં પોતાની સાપ્તાહિક કોલમ 'રોખ ઠોક'માં પીએમ મોદી પર લેખ લખ્યો હતો.

### અયોધ્યામાં જાન્યુઆરીમાં રામમંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

# અડવાણી-જોશીને મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર ન રહેવા અપીલ

### બંને વડીલ છે અને તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને તેમને મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય દ્વારા વિનંતી કરવામાં આવી હતી

। નવી દિલ્હી, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ૨૦૨૪માં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે જેને લઈને રામ ભક્તોમાં ઉત્સાહ છે અને આ પ્રાણ પ્રતિષ્ઠામાં દેશભરમાંથી નેતાઓ, ક્રિકેટર સહિત અનેક જાણીતી હસ્તીઓ પણ ઉપસ્થિત રહેશે ત્યારે હવે મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને આ મહોત્સવમાં ન આવવાની અપીલ કરી છે. ઉત્તર પ્રદેશના અયોધ્યામાં લાંબા વર્ષોના સંઘર્ષ બાદ ૨૨મી જાન્યુઆરી ૨૦૨૪એ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થવાનો છે જેમાં



દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ પહોંચશે. આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સમાં હાજરી આપવા માટે અનેક નેતાઓ, ક્રિકેટરો અને જાણીતી હસ્તીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે ત્યારે હવે રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના મહાસિચ ચંપત રાયે ગઈકાલે પ્રત્રકાર પરિષદમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને પૂર્વ કન્દ્રિય મંત્રી મુરલી મનોહર જોશીને આ મહોત્સવમાં ન આવવાની અપીલ કરી છે. ચંપત રાયે ગઈકાલે અડવાણી અને જોશીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેવાના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે બંને વડીલ છે અને તેમની ઉંમરને ધ્યાનમાં રાખીને તેમને વિનંતી કરવામાં આવી છે કે તેઓ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં સામેલ ન થાય. ઉલ્લેખનીય છે કે આ બે નેતાઓ રામ મંદિર આંદોલનના સૌથી મોખરે હતા. સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે ૯ નવેમ્બર ૨૦૧૯એ ઐતિહાસિક હિન્દુ પક્ષમાં ચૂકાદો આપ્યો હતો.

### દક્ષિણ પશ્ચિમ આઈસલેન્ડના રેકજન્સ નામના ટાપુ પર સસત ભૂકંપના આંચકા

# ૮૦૦ ભૂકંપ બાદ આઇસલેન્ડમાં જ્વાળામુખી ફાટ્યો, જમીનમાં ૩.૫ કિમી તિરાડ પડી

### જ્વાળામુખીનો લાવા પ્રતિ સેકંડ ૧૦૦થી ૨૦૦ ક્યૂબિક મીટરના દરે વહી રહ્યો છે

। રેક્ઝાવિક, તા.૧૯ ।

આઈસલેન્ડમાં ૮૦૦ જેટલા ભૂકંપો બાદ આખરે જ્વાળામુખી વિસ્ફોટ થયો છે. દેશના હવામાન વિભાગે કહ્યુ હતુ કે, દક્ષિણ પશ્ચિમ આઈસલેન્ડના રેકજન્સ નામના ટાપુ પર છેલ્લા કેટલાય સપ્તાહથી ભૂકંપના એક પછી એક આંચકા આવી રહ્યા હતા અને હવે તેના પરનો એક જ્વાળામુખી ફાટયો છે. સોમવારે રાત્રે લગભગ નવ વાગ્યે ભૂકંપના ઝાટકાનો નવો દોર શરૂ થયો હતો અને આખરે રાત્રે ૧૦ વાગ્યે ભારે ધડાકા સાથે જ્વાળામુખી ફાટયો હતો. જ્વાળામુખી ફાટવાના કારણે જમીનમાં ૩.૫ કિલોમીટર લાંબી તિરાડ પડી છે અને તેમાં જ્વાળામુખીનો લાવા પ્રતિ સેકંડ ૧૦૦થી ૨૦૦ ક્યૂબિક મીટરના



દરે વહી રહ્યો છે. વિસ્ફોટ જે જગ્યાએ થયો છે તેની ચોકક્સ જાણકારી મેળવવા માટે કોસ્ટ ગાર્ડના એક હેલિકોપ્ટરને કામે લગાડવામાં આવ્યુ છે. સરકારે સિવિલ ડિફેન્સના એલર્ટને હવે ઈમરજન્સીમાં ફેરવી નાંખ્યુ છે. લોકોને વિસ્ફોટના સ્થળની નજીક નહીં જવા માટે અપીલ કરવામાં આવી છે. જ્વાળામુખી નજીક ગ્રિંડાવિક નામનુ શહેર આવેલુ છે. જેના તમામ રસ્તા અને અવર જવર બંધ કરી દેવામાં આવી છે. જેમાં અહીંથી પસાર થતા એક હાઈવેનો પણ સમાવેશ થાય છે. આઈસલેન્ડની રાજધાની રેક્ઝાવિકમાંથી પણ જ્વાળામુખી વિસ્ફોટને જોઈ શકાય છે. દેશના વડાપ્રધાન કેટરિન જેકબ્સડોટિરે કહ્યુ છે કે, તાજેતરમાં જ જ્વાળામુખીની અસરને ઓછી કરવા માટે સંરક્ષણ દિવાલ બનાવવમાં આવી છે અને સ્થાનિક લોકો સાથે સરકાર ઉભી છે. જોકે જ્વાળામુખી ફાટવાના એંધાણ ઘણા વખતથી મળી રહ્યા હતા અને ૧૦ નવેમ્બરે જ ગ્રિંડાવિક શહેરા ૪૦૦૦ લોકોને બીજે ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૦માં આઈસલેન્ડનો એક જ્વાળામુખી ફાટ્યો હતો અને તેના કારણે નિકળેલી રાખ અને ધૂમાડો આકાશમાં એ હદે છવાયો હતો.




નવી દિલ્હીમાં સંસદના શિયાળુ સત્ર દરમિયાન મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના સાંસદો સાથે મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી પણ જોડાયા હતાં.

### ઈન્ડિયાની બેઠક પહેલાં કોંગ્રેસનો મોટો નિર્ણય

## લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસની ૫ સભ્યોની નેશનલ એલાયન્સ કમિટી

### કમિટીમાં રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, ભૂપેશ બઘેલ, મુકુલ વાનસિક અને મોહન પ્રકાશના નામ પણ સામેલ

। નવી દિલ્હી, તા.૧૯ ।

આજે દિલ્હીમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની બેઠક મંગળવારે સાંજે શરુ થાય તે પહેલા જ કોંગ્રેસ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાં પાંચ સભ્યોની નેશનલ એલાયન્સ કમિટી બનાવી છે. આજે દિલ્હીમાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાની બેઠક શરુ થાય તે પહેલા જ કોંગ્રેસ પાર્ટી દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં આગામી લોકસભાની ચૂંટણી માટે પાંચ સભ્યોની નેશનલ એલાયન્સ કમિટી બનાવી છે. આ કમિટીમાં રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, ભૂપેશ બઘેલ, મુકુલ વાનસિક અને મોહન પ્રકાશના નામ સામેલ છે. વાસનિકને સંયોજક બનાવાયા છે. અશોક ગેહલોત અને ભૂપેશ બઘેલને એવા સમયે નેશનલ એલાયન્સ કમિટીમાં સામેલ કરવામાં આવ્યા છે જ્યારે તાજેતરમાં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને રાજસ્થાન અને છત્તીસગઢમાં હારનો સામનો કરવો પડ્યો હતો. દિલ્હીમાં ઈન્ડિયાગઠબંધનની બેઠકમાં કોંગ્રેસના સોનિયા ગાંધી, રાહુલ ગાંધી તેમજ પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સામેલ થશે. આ બેઠકમાં સપા નેતા અખિલેશ યાદવ, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, બિહારના સીએમ નીતીશ કુમાર, આરજેડી ચીફ લાલુ પ્રસાદ યાદવ સહિતના નેતા પણ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે પહેલા આ બેઠક ૬ ડિસેમ્બરે યોજાનાર હતી પરંતુ કેટલાક નેતાઓએ બેઠકમાં હાજરી આવવાનો ઈન્કાર કરતા આ બેઠક ટળી હતી અને બાદમાં તેની તારીખ લંબાવીને ૧૯મી ડિસેમ્બર નકકી કરવામાં આવી હતી.

# વર્ષમાં ૧૦ કરોડ પ્રવાસીનો આંકડો પાર કરનારી ઈન્ડિગો દેશની પ્રથમ એરલાઈન

। નવી દિલ્હી, તા.૧૯ ।

દેશની સૌથી મોટી પ્રાઈવેટ ઉડ્ડયન કંપની ઈન્ડિગો એરલાઈનએ ઈતિહાસ રચી દીધો છે. તેણે ૧ વર્ષમાં ૧૦ કરોડ યાત્રીઓનો આંકડો પાર કરી લીધો છે. આવો રેકોર્ડ બનાવનારી તે પ્રથમ ભારતીય એરલાઈન બની ગઈ છે. આ સાથે જ વિશ્વની દિગ્ગજ એરલાઈન્સમાં સામેલ થઈ ગઈ છે. આ અવસર પર કંપનીએ કહ્યું કે, આજ સુધીમાં કોઈ પણ ઈન્ડિયન એરલાઈન્સ કંપનીને આ સિદ્ધિ પ્રાપ્ત નથી




કરી. અમને ૧ વર્ષમાં ૧૦ કરોડ લોકોની સેવા કરવાની તક મળી. આજ સુધી કોઈ ભારતીય એરલાઈન આ મુકામ સુધી નથી પહોંચી શકી. હવે અમે વિશ્વની ટોપ-૧૦ એરલાઈન્સમાં સામેલ થઈ ગયા છીએ. આ દરમિયાન ઈન્ડિગોએ સૌથી વધુ ઉડાન ભરવા મામલે વિશ્વની ૧૦ સૌથી પ્રમુખ એરલાઈન્સ વચ્ચે સફળતાપૂર્વક પોતાનું સ્થાન બનાવ્યું છે. ઈન્ડિગોના સીઈઓપીટર એલ્બર્સે કહ્યું કે, અમે આ સિદ્ધિ હાંસલ કરીને ખૂબ જ ખુશી અનુભવી રહ્યા છીએ. તે ઈન્ડિગો માટે લોકોનો પ્રેમ અને વિશ્વાસ દર્શાવે છે. આ આંકડા સુધી પહોંચવા માટે અમારા કર્મચારીઓએ જ સખત મહેનત કરી તેના માટે અમે તેમનો આભાર માનીએ છીએ. આગળ પણ ઈન્ડિગો લોકોની સેવા માટે સમર્પિત રહેશે. ઈન્ડિગોએ છેલ્લા છ મહિનામાં ૨૦ નવા આંતરરાષ્ટ્રીય રૂટ પર તેની ફ્લાઈટ્સ શરૂ કરી છે. આ સાથે કંપનીએ ડોમેસ્ટિક રૂટ પર પણ તેની પહોંચ વધારી છે. ઈન્ડિગો ટૂંક સમયમાં જ ઈન્ડોનેશિયાના બાલી અને સાઉદી અરેબિયાના મદીના માટે તેની ફ્લાઈટ શરૂ કરવા જઈ રહી છે. આંકડા પ્રમાણે નવેમ્બર સુધી ડોમેસ્ટિક બજારમાં ઈન્ડિગોની હિસ્સેદારી ૬૧.૮ ટકા હતી. તેની પાછળ એર ઈન્ડિયા છે.

### લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને મોટા આંચકાની શક્યતા

# ઈન્ડિયામાં ભાગલાના સંકેત, કેજરીવાલ બાદ ટીએમસી નેતા મમતા બેનરજી પણ નારાજ

### મમતા કોંગ્રેસ માટે માલદા અને બહરામપુર સીટો છોડવા તૈયાર

। નવી દિલ્હી, તા.૧૯ ।

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પહેલાં વિપક્ષી ગઠબંધન ઈન્ડિયામાંની સૌથી મોટી પાર્ટી કોંગ્રેસને જબરજસ્ત ઝટકો લાગે તેમ છે. એક તરફ કેજરીવાલે પંજાબની તમામ ૧૩ સીટો પર આપના ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત કરી છે. જ્યારે ટીએમસી નેતા મમતા બેનરજીએ ઉદારતા રાખી કોંગ્રેસને બે સીટો ફાળવવા સૂચન કર્યું છે. આવતીકાલે ૧૯ ડીસેમ્બરે ઈંડિયા



ગઠબંધનની ચોથી મીટીંગ અહીં દિલ્હીમાં મળવાની છે. જેમાં સીટ શેરિંગ અંગે ચર્ચા કરવાના ઈરાદાથી મમતા જવાના છે. ટીએમસીના સૂત્રો પ્રમાણે મમતા કોંગ્રેસ માટે માલદા અને બહરામપુર સીટો છોડવા તૈયાર છે. જો કે 'દીદી'એ આ અંગે કશું કહેવાનો ઈન્કાર કર્યો છે. દિલ્હી જતી ફ્લાઈટ પકડતા પહેલા તેમણે પત્રકારોને કહ્યું હતું કે, 'હું હજી સીટ શેરિંગ અંગે કશું કહી શકું નહી ૧૯ ડીસે.ની મીટીંગ પછી તમને ખબર પડશે. જો કે, તેમના પક્ષે બે સીટો છોડવાનો સંકેત આપ્યો હતો. ટીએમસીએ જે બે સીટો છોડવાનો સંકેત આપ્યો છે તેમાં એક અધીર રંજન ચૌધરીની બહરામપુર સીટ છે, મુર્શીદાબાદ જિલ્લાની આ સીટ ઉપર સૌથી વધુ ૬૬ ટકા મુસ્લિમ વસ્તી છે.

### ઘઉંના ઉત્પાદનમાં ભારત મોખરે, નિકાસ પણ કરે છે

# અલનીનોની અસરથી દેશમાં ઘઉંના ઉત્પાદનમાં ૪-૫ ટકાના ઘટાડાની શક્યતા દેખાઈ રહી છે

### ઘઉંના બફર સ્ટોકમાં ઘટાડો થાય તો એવી પણ પરિસ્થિતિ સર્જાય શકે કે ભારતને પણ ઘઉંની આયાત કરવાની જરૂર પડી શક્શે

। નવી દિલ્હી, તા.૧૯ ।

ઘઉંના ઉત્પાદનમાં ભારત મોખરે છે. ઘઉંની નિકાસ ઘણા દેશોમાં કરવામાં આવે છે. દેશના મોટાભાગના રાજ્યોમાં ઘઉંનું વાવેતર શરુ થઈ ગયું છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં જે રીતે ઘઉંનું ઉત્પાદન થયું છે તે હાલ ભારત માટે ચિંતાનો વિષય છે. છેલ્લા બે વર્ષમાં હવામાનના કારણે ઘઉંના પાકને માઠી અસર થઈ છે.



વર્ષ ૨૦૨૩ના માર્ચ મહિનામાં જ જૂન-જુલાઈ મહિના જેવી ગરમી પડવાની શરુ થઈ ગઈ હતી. આથી એકાએક આટલું તાપમાન વધતા ઘઉંના પાકને ઉગાડવાની તક મળી નથી અને ઉત્પાદન પર માઠી અસર પડી હતી. આવું વર્ષ ૨૦૨૨માં પણ થયું હતું, કે જયારે ઘઉંના પાકનો સમય આવ્યો ત્યારે કમોસમી વરસાદના કારણે પાક પર અસર પડી હતી અને તેની ઉપજ પણ સારી રહી ન હતી. કેન્દ્ર સરકાર પાસેથી મળતી માહિતી અનુસાર નવેમ્બર મહિનામાં ઘઉંનો બફર સ્ટોક ૨૧૦ લાખ મેટ્રિક ટન છે. ઘટતા સ્ટોકને કારણે ઘઉંના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે.

## તંત્રી લેખ...

# વિરોધના ત્રણ તીર છે રાષ્ટ્રવાદ, સાંપ્રદાયિકતા અને હિંદુત્વ

વિપક્ષી ગઠબંધન શરૂઆતથી જ અંતર્વિરોધોનો શિકાર રહ્યું અને તેણે કજોડાં રાજકીય ખિચડીનો આભાસ કરાવ્યો. ના કોઈ સમરૂપ વિચારધારા દેખાઈ ના સંગઠનાત્મક એકતા અને ના કોઈ સર્વમાન્ય નેતૃત્વ. તેના રાષ્ટ્રીય અને પ્રાદેશિક ઘટક પક્ષો વિભિન્ન રાજ્યોમાં ગોર વિરોધી છે, જેમ કે બંગાળ, પંજાબ, ઉત્તર પ્રદેશ, દિલ્હી વગેરેમાં. જે પક્ષો રાજ્યોમાં ઘોર પ્રતિદ્વંદ્વી છે, તેની સાથે રાષ્ટ્રીય સ્તર પર એક્તાની આશા કેવી રીતે રાખી શકાય? વિપક્ષી ગઠબંધનમાં રાષ્ટ્રીય વિરુદ્ધ પ્રાદેશિક પક્ષની પણ સમસ્યા છે. કોંગ્રેસની કમજોર સ્થિતિ છતાં તેનામાં રાષ્ટ્રીય નેતૃત્વનો દંભ પ્રાદેશિક પક્ષોની મહત્ત્વા-કાંક્ષાઓ પર ભારે પડતી જાય છે. કદાચ ઘટક પક્ષો એ સ્વીકાર પણ કરી લેત, પરંતુ એ તમામ રાહુલ ગાંધીની નેતૃત્વ ક્ષમતાને લઈને આશંકિત અને ચિંતિત છે. વિપક્ષીગઠબંધન પાસે ભાજપને વિસ્થાપિત કરવાની ના કોઈ ઠોસ રણનીતિ છે, ના શાસનની વૈકલ્પિક નીતિઓ. તે ભાજપ વિરોધી 'સેફોલોજિસ્ટો'ના એ આકલન પર નિર્ભર છે કે ભાજપ ૨૦૧૯માં અનેક રાજ્યોમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી ચૂકી છે અને હવે તેને દોહરાવી નહીં શકે અને તેને દિક્ષણનાં રાજ્યોમાં ઘૂસતાં હજુ ઘણો સમય લાગશે. વિપક્ષી ગઠબંધન પાસે ભાજપ વિરોધના ત્રણ તીર છે - સાંપ્રદાયિકતા, રાષ્ટ્રવાદ અને હિંદુત્વ. પરંતુ આ ત્રણેય બહુ ચવાઈ ગયેલા મુદ્દા છે અને હવે જનતાને પ્રભાવિત નથી કરતા. વિપક્ષી ગઠબંધને ભાજપ સામે સ્પર્ધા માટે કેટલાક નવા મુદ્દા શોધવા પડશે. એવું નથી કે ભાજપ કે મોદી શાસનમાં કશી ઉણપ નથી, પરંતુ વિપક્ષી નેતા એ ખામીઓ તરફ જનતાનું ધ્યાન નથી ખેંચી શકતા. આ ગઠબંધનનો ઉદ્દેશ્ય એકદમ નકારાત્મક છે - મોદી હટાવો. તેમાં સંભવતઃ જનતાની રુચિ નથી જણાતી. આ ગઠબંધન શાસનની સકારાત્મક રણનીતિઓને ઉદ્‌ઘોષિત નથી કરી શક્યું. જનતાને ખબર નથી કે જો વિપક્ષી ગઠબંધનને સત્તા સોંપવામાં આવે તો તેની આર્થિક વિદેશી, રક્ષા, કૃષિ સંબંધી નીતિઓ કેવી હશે અને તે મોદી સરકારની નીતિઓ કરતાં કેવી રીતે બહેતર હશે? વિપક્ષી ગઠબંધનમાં મોટભાગના પક્ષો જાતીય જનગણનાને પ્રભાવી હથિયાર તરીકે ઉપ યોગ કરવા માગે છે. તેમનું માનવું છે કે 'ઓબીસી કાર્ડ' ઉતરીને તેઓ ભાજપને પરાસ્ત કરી દેશે. તેઓ તમામ પણ અસ્મિતાની રાજનીતિના જાદુમાં ફસાઈને જાતિય ગણિતમાં ગૂંચવાયેલા છે. તેમને ભાન નથી કે મોદી સરકારે સમાવેશી રાજનીતિને અમલીજામો પહેરાવીને ભારતીય રાજનીતિને જાતીય સમીકરણોના ચક્કરમાંથી કાઢીને 'વર્ગ-રાજનીતિ' તરફ ધકેલી દીધી છે. બિહારમાં જાતીય સર્વે જેડીયુ અને આરજેડીના ગળાનું હાડકું બની ગયું છે. એનાથી સ્પષ્ટ થયું કે સામાજિક ન્યાયની દુહાઈ આપતી પાર્ટીઓએ અત્યંત પછાત વર્ગની સાથે ઘોર અન્યાય કર્યો છે. જે ઝડપથી ભાજપે પછાતો, અતિ પછાત વર્ગ અને દલિતોને પોતાના તરફ આકર્ષિત કર્યા છે, એ સંકેત છે કે જાતીય જનગણનાથી ભાજપને નહીં, પરંતુ સામાજિક ન્યાયની દુહાઈ આપનારા પક્ષો સપા, બસપા, જેડીયુ અને આરજેડી વગેરેએ ચિંતિત થવું જોઈએ. દિક્ષણમાં ભાજપે પોતાની હાજરી મજબૂત કરવા માટે પગલાં ભર્યા છે. કર્ણાટક તો દિક્ષણમાં ભાજપનું પ્રવેશ દ્વાર છે. પાર્ટીએ ૨૦૧૮ અને ૨૦૨૩ વિધાનસભા ચૂંટણીઓમાં ત્યાં ૩૮ ટકાનો ઠોસ જનાધાર જાળવી રાખ્યો. તે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં વધીને ૫૨ ટકા થઈ ગયો હતો.

## સેવા પર જીએસટી વેરો

સેવા શબ્દનો ઉપયોગ ભગવાનની પૂજા કરવા માટે વપરાય છે. શ્રધ્ધાનો વિષય છે કેટલાક વ્યક્તિઓ રોજ નિયમિત ભગવાનેની કલાકો સુધી સેવા કરે છે. સમાજ સેવા, દેશ સેવા દર્દીઓની સેવા એવા સેવાના અનેક પ્રકાર છે. મૂળ તો ભારતીય સંસ્કૃતિમાં જ સેવાભાવ છે, તો સેવા પર વેરો? કલ્પના જ કરી શકાતી નથી. કોઈ પણ દેશની આર્થિક સ્થિતિની ગણતરી જીડીપી થી નીકળે. દેશમાં વાર્ષિક ઉત્પાદિત વસ્તુ અને સેવાનું નાણાંકીય મૂલ્ય એટલે ઉત્પાદન, ખેતી, સેવા આ ત્રણ ક્ષેત્રનો ફાળો છે. ઉત્પાદન અને કૃષિ ક્ષેત્ર માંથી વસ્તુનું ઉત્પાદન થાય છે અને લગભગ ભધાજ પરોક્ષ વેરો વસ્તુપરજ લાગે છે, એક્સાઈજ કસ્ટમ વેટ જેવા વેરા વસ્તુ પર લાગે છે. પણ વિશ્વના અનેક દેશોમાં એકલા સેવા ક્ષેત્રનો ફાળો ખૂબ વધારે છે. દાખલા તરીકે સેવા ક્ષેત્રનો ફાળો USA માં ૮૦% માં ૭૯% ફ્રાન્સમાં ૮૦% જાપાનમાં ૭૦%. ભારતમાં સેવા ક્ષેત્રનો ફાળો વર્ષ ૧૯૫૦ માં ૨૮% વર્ષ ૨૦૦૧ માં ૫૧% ૨૦૨૦ થી ૬૦% થી વધુ છે. સેવા ક્ષેત્રનો ફાળો વધુ હોવા છતાં સેવા પર વર્ષ ૧૯૯૪ સુધી આપના દેશમાં સેવા કર વસૂલાતો ન હતો. ૧૯૯૪ માં ફક્ત ત્રણજ સેવા પર ૫% સેવા કર લગાડયો, ૨૦૧૧ ના વર્ષમાં ૧૧૯ સેવાઓ પર ૧૨% સેવા કર હતો. હાલમાજ, પાંચ રાજ્યોના, વિધાનસભાની ચુંટણી ના પરિણામો આવ્યા. ચુંટણીના પ્રચારમાં, મોંઘવારીનો મુદ્દો જોરશોથી ઉઠાવામાં આવ્યો. મોંઘવારીનું કારણ, સરકારની આર્થિક નીતિ અને જીએસટીને પણ વખોડવામાં આવી. મોંઘવારી વધારતી વેરા નીતિ, વેરા પછી વેરો અને વેરા પર વેરો, જીએસટી અમલથી નાબૂદ થઈ. જુદા જુદા ૧૭ વેરાના બદલે એકજ વેરો, એટલે, જીએસટી, જે, મોંઘવારી ઘટાડતો વેરો છે, આવો પ્રચાર, સરકાર પણ કરે છે. મોંઘવારીનું એકજ કારણ વેરો, નહિ હોઈ શકે. ટ્રાન્સપોર્ટેશન, લોજિસ્ટિકનો ખર્ચ વધ્યો છે, જે, વસ્તુની કિંમતને વધારે છે. વસ્તુની અછત ઊભી કરવામાં આવે, તો પણ, કિંમતો વધે. વધતાં વેરાઓ પણ, વસ્તુની કિંમત વધારે છે. વસ્તુની વધેલી કિંમતમાં કઈક રાહત માટે, ઓનલાઈન ખરીદનો ઉપાય લાગે છે. વસ્તુ સેવાના વેચાણ/સપ્લાયમાં ઓનલાઈન પ્લૅટફોર્મ પસંદ કરવામાં આવે છે. બાળકો કે તરુણો, મહિલા કે પુરુષો, વ્યાપક, ઓનલાઈન ખરીદ કરે છે. કારણો સાંભળવામાં આવે છે, બજારથી સારું અને સસ્તું મળે છે, સમય બચે છે, જવા આવાનો પેટ્રોલનો ખર્ચ બચે છે. ઓનલાઈન, ખરીદનો ઓર્ડર કરો, એટલે, તાત્કાલિક ડીલિવરી પણ મળી જતી હોય છે. ઓનલાઈન ખરીદ વેચાણમાં, ખરીદનાર અને વેચનાર વચ્ચે, ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટરની સેવા હોય છે. વસ્તુ, સેવા કે બન્ને, વેચનાર, ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા વેચે છે. ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર સપ્લાયર પાસેથી વસ્તુઓ મેળવી ખરીદનારને પહોંચાડવાની સેવા આપે છે. ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર ખરીદનાર પાસેથી વસ્તુની કિંમત સાથે જીએસટી વસૂલ કરશે. સેવાનો સપ્લાય થયો એટલે સેવાપર જીએસટી વેરો લાગે છે, જેમાંથી, ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર સરકારમાં જમા કરશે. જીએસટી અગાઉ ૧૯૯૪ થી સેવા કર સર્વિસ ટેક્સ તરીકે વસુલતો હતો. જીએસટી અમલથી બધીજ સેવા પર જીએસટી વેરો વસૂલવામાં આવે છે.

શીર્ષક- વેરી બન્યું વ્યસન !!

# આજકાલના યુવાનો વ્યસનના ભરડામાં આવતા જાય છે અને કેન્સર નામની બીમારીનો ભોગ બનતા જાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હે ઈશ્વર.

હમણાં અમે બેય વોકીંગ કરી પાછા ફરતા હતાં, તો બરોબર એ જ સમયે જ ટ્યુશન ક્લાસ છૂટ્યાં પણ ખરાં ,અને શરૂ પણ થતાં હશે, એટલે યુવક યુવતીઓનું ટોળું એકઠું થયું હતું. મને મારા અગિયાર બારના નેબ્યુલા ક્લાસિસની યાદ આવી! પણ અમારી વખતે સાઈકલ હતી અને અત્યારે એક્ટિવા અને બાઈક! એ તો ઠીક છે સમય બદલાયો છે! પણ ક્લાસિસ માંથી છૂટ્યા એટલે તરત જ અમુક છોકરાઓ એ સિગારેટ જલાવી અમુક પડીકી ખાધી અને માવા પણ.... માંડ માંડ પદંર સત્તર વર્ષની ઉંમરે આટલું વ્યસન! વ્યસનની તકલીફ એ છે કે કોઈપણ કારણથી એકવાર શરૂ થાય મોટેભાગે જીવ લઈને જ જાય ! અને એમાં પણ બાહ્ય વાતાવરણમાં પણ એટલું પ્રદુષણ ઓછું હોય એમ આ પણ.. તો આજે આવો જ એક કિસ્સો. વિક્રમ પોતાના રૂમમાં લાઈટ પણ કર્યા વગર બેઠો હતો.આખો રૂમ સિગરેટના ધુમાડાથી ભરાઈ ગયો હતો. બારી પણ ખુલ્લી ન હતી, અને ઘરમાં તો બીજું કોઈ હતુ જ નહીં. એક પછી એક સિગરેટ જલાવે જતો હતો, અને તેનું અંતર પણ અતીતની એ યાદને કારણે ઝલતું હતું. હજી તો એવી કઈ એની ઉંમર પણ હતી નહીં, માત્ર ૩૫ વર્ષની તેની આયુ હતી. જીવન હાથતાળી દઈ રહ્યું હતું. અને તે કંઈ જ કરી શકે તેમ ન્હોતો અથવા તો એમ કહો કે કરવા જ માંગતો ન્હોતો. કોની માટે થઈને હવે જીવવું છે? તેનું કહી શકાય તેવું તો કોઈ જ અહીં હતું નહીં. હા ૧ વર્ષ પહેલા બધા જ હતા. આ ઘર જાણે હસતું રમતું હોય તેવું રોજ અહીં ઉલ્લાસ ભર્યું હતું, અને આનંદ જાણે કે ઓળઘોળ થયે રાખતો હતો. અને જાણે અજાણ્યે વિક્રમ એ અતીતમાં ઘસડાઈ ગયો. વિક્રમ અને વાણીના લગ્ન થયા હતા, વિક્રમ એક ડીવોર્સી માતાનો એકનો એક દીકરો હતો. નાનપણમાં માતા-પિતાના ઝઘડાઓ જોઈ જોઈને મોટો થયો હતો. તેની માતા એક વર્કિંગ વુમન હતી, અને તેના પિતા રોજ જુદી જુદી બાબતે તેની પર વહેમ કરતા હતા કે તે, ચારિત્રહીન છે. કારણકે તેને રૂપિયાની જરૂર નહોતી પણ કંઈક કરવું એ તેનો નિર્ણય હતો. ક્યારેક મોડું થાય તો મારતા પણ ખરા.તેની માતાએ ઘણી કોશિશ કરી,આ લગ્નને બચાવવાની પોતાના એકના એક પુત્ર માટે થઈ, અને તે સહન કરતી રહી. પણ અંતે તે હવે તેની સાથે રહી શકે એમ નહોતી. આથી તેને છૂટાછેડા માટે અરજી કરી. અને વ્યસની અને વહેમી પતિથી અંતે છૂટકારો મળી ગયો. વિક્રમની માતા એટલે કે મંદાકિની ને એમ હતું કે તે હવે તેના દીકરાનો બરોબર ઉછેર કરશે, અને સારા સંસ્કારો આપશે. પણ તેણે એલીમનીના રૂપિયા લેવાનો ઈનકાર કર્યો હતો, અને પોતાના બળ બુદ્ધિ પર જ પુત્ર નો ઉછેર કરવાનું વિચાર્યું હતું કારણકે, પૈસા જ પતનનું સૌથી પહેલું કારણ છે. વિક્રમના પિતા બહુ જ રૂપિયા પૈસા વાળા હતા, એટલે રૂપિયાના દમ પર તે વિક્રમની કસ્ટડી પોતે લેવા માગતા હતા.પણ કોર્ટમાં પુરવાર થઈ શક્યું નહીં. અને વિક્રમની કસ્ટડી તેની માતાને જ મળી. કારણ કે તે હજી ઘણો નાનો હતો પાંચ વર્ષનો એટલે તેના લાલન પાલન માટે માતાની જ જરૂર છે, એવું સાબિત થયું. મંદાકિની મા દીકરાના ઉછેર માટે હજી પણ વર્ક કરતી હતી, અને જોઈએ તેટલો સમય દીકરાને આપી શકતી ન હતી. પણ તેનું પૂરું ધ્યાન તેની પર કેન્દ્રિત હતું. ધીરે ધીરે વિક્રમ મોટો થવા લાગ્યો પછી તો પ્રાથમિક હાઈસ્કૂલ અને કોલેજમાં આવી ગયો. હાઈસ્કૂલમાં હતો ત્યારે જ સ્કૂલમાં જ તેના પપ્પા તેને મળવા આવતા અને રૂપિયા આપતા, કારણ કે ભેટ આપે તો મમ્મીને ખબર પડી જાય. અને આમ તેને રૂપિયાની ટેવ પડી ગઈ. અને રૂપિયામાંથી તેને વ્યસનની ટેવ પણ પડી. હાઈસ્કૂલમાં હતો ત્યારથી જ તેને સિગરેટની ટેવ પડી ગઈ હતી. આ ટેવને કારણે તે ઘરમાં હોય, ત્યારે વધારે પોતાના રૂમમાં જ રહેતો. અને ભોળી મમ્મીને એમ લાગતું કે તે અભ્યાસમાં વ્યસ્ત છે. તે અભ્યાસ પણ ઠીકઠાક કરી લેતો હતો અને એકંદરે પરિણામ સારું આવતું હતું, એટલે આગળ ચાલી જતું હતું. આમ તે ગ્રેજ્યુએટ થઈ ગયો, પણ આ વ્યસન તેનો કેડો મૂકતું ન હતું.

હવે તો મમ્મી રિટાયરમેન્ટ ને આરે હતી. અને તેને સર્વિસ ગોતવી પડે તેમ જ હતું. પણ એવું ખાસ કોઈ ભણતર હતું નહીં. દસ વીસ હજારની નોકરી તેને કરવી ન હતી. વળી પાછો બાપનો રૂપિયો જ યાદ આવ્યો. અને પહોંચી ગયો પપ્પા પાસે ધંધો કરવો છે, એમ કરી ને થોડા ઘણા રૂપિયા માગ્યા. હવે આજ મોકો હતો, તેના પપ્પાને તેને પોતાની તરફ કરવાનો. એટલે તેણે પણ વિક્રમે માંગ્યા હતા તેના કરતા ડબલ રૂપિયા આપ્યા. વિક્રમ એ રૂપિયામાંથી ધંધો શરૂ કર્યો, અને થોડેક અંશે સફળ પણ થયો.અને ધંધામાં પાંચ વર્ષ થઈ ગયા.જ્યારે તેની મમ્મીને આ વાતની ખબર પડી ત્યારે તેણે બહુ જ ગુસ્સો કર્યો અને, સંબંધ તોડવાની વાત પણ કરી. પણ વિક્રમને જાણે કંઈ અસર ન થઈ હોય તેમ તે વર્તવા લાગ્યો.વિક્રમની માતાને એવું લાગ્યું કે પોતાનું આટલુ બલિદાન એળે ગયું. તેની તબિયત પર અસર થવા લાગી, એકાએક હાર્ટની બીમારી લાગુ પડી ગઈ. બી પી હાઈ રહેવા લાગ્યું, અને ડિપ્રેશનનો પણ શિકાર થઈ ગયા. વિક્રમના લગ્ન પણ થઈ ગયા હતા, વીણા સ્વભાવે શાંત અને એકદમ સંસ્કારી છોકરી હતી.વિક્રમની મમ્મી ને હૈયે થોડી ધરપત થઈ કે હવે વિક્રમ જીવન થોડું સુધરી જશે. હવે તો તેને પણ ખબર પડી ગઈ હતી કે, વિક્રમને સિગરેટ અને દારૂનું વ્યસન છે. એક દિવસ તેની મમ્મીને છાતીમાં દુખાવો ઉપડ્યો અને સીવીયર હાર્ટ એટેક આવ્યો, અને તે ઈશ્વરને પ્યારી થઈ ગઈ. અચાનકના મમ્મીના મૃત્યુથી હતાશ થઈ ગયો,અને પોતાને જ તેના મૃત્યુનું કારણ માનવા લાગ્યો. એમાં અધૂરામાં પૂરું ધંધામાં બેધ્યાન થવાથી ધંધામાં પણ ખોટ આવી. તે વધુ હતાશ થઈ ગયો, અને વ્યસન છોડવાની બદલે વધુ ને વધુ તેમાં ગરકાવ થતો ગયો. આ વાતની અસર તેના દાંપત્ય જીવન પર પણ પડી. વીણા ખૂબ જ સહનશીલ હતી, પણ આ વ્યસનની ટેવ તેને પસંદ નહોતી. એક દિવસ તેણે વિક્રમ બધી જ દારૂની બોટલ અને સિગરેટ સંતાડી દીધા. તેને એમ કે તે પોતાના પ્રેમથી તેને આ વ્યસનની ટેવથી દૂર લઈ જશે, અને તેને આ પ્રેમનો નશો થશે, પછી પેલા ક્ષણ બેક્ષણ ના નશાથી તે આપ ોઆપ દૂર થઈ જશે. પણ આ તો વર્ષો જૂની આદત હતી, તે એમ કઈ રીતે ભૂલાય, એટલે વારંવારના માંગવા છતાં, જ્યારે વીણાએ ના આપ્યો ત્યારે તેને ગુસ્સો આવ્યો, અને તેણે વીણાને મારી. વીણા ગમે તેમ તો પણ આધુનિક યુગની યુવતી હતી. એટલે તેને પોતાનું સ્વમાન ઘવાતુ લાગ્યું.અને તેણે વિક્રમ છોડવાનો નિર્ણય લઈ લીધો. તેણે વિક્રમને બતાવ્યા વગર જ ઘર છોડીને ચાલી ગઈ. ઘણી કોશિશ કરી શોધવાની,પણ ના મળી, અને આજે એ વાતને એક વર્ષ થઈ ગયું હતું.તેના ગયા પછી તો કોઈ જ રોકટોક કરવા વાળું હતું નહીં, બેફામ રીતે આ બધું થતું હોવાથી તેની તબિયત ખરાબ થઈ ગઈ અને હવે તો ડોક્ટરે પણ અલ્ટીમેટમ આપી દીધું હતું કે,તેનું જીવન જોખમમાં છે અને તેને ફેફસાનું કેન્સર જાહેર થયું છે. બસ આજ વાત છે વિક્રમના અતીતની. મિત્રો આજકાલની જુવાની આ વ્યસનના ભરડામાં આવતી જાય છે પાન, સિગરેટ, તમાકુ,બીયર, દારૂ, વગેરેનાં વ્યસનો કુમળી વયથી જ જાણ્યે અજાણ્યે થઈ જતા હોય છે. યુવાનો કેન્સર નામની ગંભીર બીમારીનો ભોગ યુવાનો વધુ ને વધુ બનતા જાય છે. નાના એવા કારણથી પણ હતાશાનો શિકાર બની જાય છે, અને પોતાનું અણમોલ જીવન આ રીતે દાવ પર લાગી જાય છે.

# સત્કર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો સત્કર્મ પણ પાપ બને



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



ભવશુદ્ધી એ મોટામાં મોટું તપ છે માનવ જીવન તપ માટે જ છે. જગતના કોઈપણ જીવ સાથે વિરોધ ન કરવો. શુદ્ધ ભાવના વગર નું સત્કર્મ નકામું અને તેથી ઘણી વાર ધર્મ પણ અધર્મ બને છે. સત્કર્મ કરવામાં જો હેતુ શુદ્ધ ન હોય તો એ સત્કર્મ પણ પાપ બને છે. દક્ષ પ્રજાપતિએ શિવજી પ્રત્યે કુભાવ રાખ્યો તેથી દક્ષ પ્રજાપતિ નો ધર્મ પણ અધર્મ થયો. તેનો યજ્ઞ તેને મારનારો થયો. સર્વ પ્રત્યે સમભાવ રાખવાથી સત્કર્મ સફળ થાય છે. સર્વનું કલ્યાણ થાય એ જ સત્ય અને સત્કાર્ય, માટે ભૂતમાત્રના હિતમાં રત્ રહેવું. અનેકમાં એકના દર્શન કરે એ જ્ઞાન. એકમાં ઈશ્વરના દર્શન કરે એ સાધારણ. એક બ્રાહ્મણ રસ્તા માં કોઈ સ્ત્રીને જોશે તો તેમાં લક્ષ્મીની ભાવના કરશે. આ મહા લક્ષ્મી છે. તેથી તે સ્ત્રીમાં રહેલા અંતર્યામી ઈશ્વર તે બ્રાહ્મણને આશીર્વાદ આપશે,ત્યારે કામી પુરુષ કામભાવથી તે સ્ત્રીને જોશે. તેથી તે સ્ત્રીહૃદયમાં રહેલો ઈશ્વર તે પુરુષને શ્રાપ આપશે. તમે બીજામાં ઈશ્વરની ભાવના રાખશો તો બીજા તમારા માં ઈશ્વરની ભાવના રાખશે. સર્વમાં સમભાવ રાખવો એ ઉત્તમોત્તમ ધર્મ છે. સર્વમાં સદભાવ રાખશો તો સુખી થશો. સદભાવ એટલે ઈશ્વરનો ભાવ. કોઈ જીવમાં કુભાવ રાખનારો ધર્મ સફળ થતો નથી. મહાભારતમાં જોઈએ છીએ કે, શ્રીકૃષ્ણ કેટલીક વાર અધર્મ કરે છે,પણ તેના મનમાં બધા પ્રત્યે સદભાવ છે. સદભાવ છે એટલે તેનો અધર્મ પણ ધર્મ બને છે. સર્વમાં સદભાવ રાખ. અધર્મ કરવામાં આવે તો તે અધર્મ પણ ધર્મ બને છે. મહાભારતનો કર્ણપર્વ અને દ્રોણપર્વ આનાં દૃષ્ટાંતો છે. કર્ણપર્વમાં આપેલું છે કે, કર્ણ નિઃશસ્ત્ર હતો અને રથનું પૈડું જમીનમાંથી કાઢતો હતો. તે વખતે ભગવાને અર્જુનને કહ્યું કે, તું આ કર્ણને માર. તે વખતે અર્જુન કહે છે, યુદ્ધશાસ્ત્ર નો નિયમ છે કે, શત્રુ જ્યારે નિઃ શસ્ત્ર હોય ત્યારે તેના ઉપર પ્રહાર ન કરવો, માટે અર્જુને મારા ઉપર પ્રહાર ન કરવો જોઈએ. પણ ભગવાન કર્ણને કહે છે, કર્ણ, તેં આજ સુધી ધર્મનું પાલન કેટલું કરેલું છે? તેં ધર્મનું પાલન કરેલું નથી અને બીજાને ધર્મનું પાલન કરવા ઉપદેશ આપે છે. ભરસભામાં દ્રોપદીનું અપમાન કરવામાં આવેલું, ત્યારે તારું ધર્મનું જ્ઞાન ક્યાં ગયું હતું? તે જ પ્રમાણે દ્રોણપર્વમાં કથા આવે છે. દ્રોણાચાર્ય પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળે છે. શ્રીકૃષ્ણે વિચાર્યું કે, આ ડોસો નહીં મરે તો અનર્થ થશે. તેવામાં અશ્વત્થામા નામનો હાથી મરાયો.

શ્રીકૃષ્ણે વિચાર્યું, જો દ્રોણાચાર્યને કહેવામાં આવે કે તમારો પુત્ર મરાયો છે તો પુત્રશોકને કારણે તે યુદ્ધ બંધ કરશે એટલે અશ્વત્થામા હણાયો તેમ કહેવામાં આવે છે. દ્રોણાચાર્ય સમજે છે, છોકરો મરી ગયો. છતાં ખાતરી કરવા તે ધર્મરાજાને પૂછે છે. યુધિષ્ઠિરને ભગવાન કહે છે કે, બોલો, અશ્વત્થામા હણાયો. યુધિષ્ઠિર કહે છે કે,મારાથી અસત્ય કેમ કહેવાય. ત્યારે ભગવાન કહે છે, સર્વનું કલ્યાણ થાય તે સત્ય. દ્રોણાચાર્ય બ્રાહ્મણ થઈ અધર્મી દુર્યોધનને મદદ કરી રહ્યા છે. તેઓ યુદ્ધ છોડી દે તો અધર્મ છૂટી જાય. માટે કહું છું, બોલો, અશ્વથામા હણાયો! ભગવાનના આગ્રહથી બોલવું પડ્યું કે,અશ્વત્થામા હણાયો પણ આ ખોટું બોલવાનું પાપ ન લાગે એટલે ધીમેથી બોલ્યાં કાં નર, કાં હાથી!પણ છેલ્લાશબ્દો કોઈને ન સંભળાય એટલે પ્રભુએ જોરથી શંખનાદ કર્યો અને ખરેખર આ છેલ્લા શબ્દો કોઈનેસંભળાયા નહીં. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો પણ એ યજ્ઞધર્મ શિવજી પ્રત્યે કુભાવ રાખીને કરવાથી એ અધર્મરૂપ બની દક્ષને મારનારો થયો અને શ્રીકૃષ્ણનો અસત્ય ભાષણરૂપ સર્વનું કલ્યાણ કરવાની ભાવનાથી કરેલો હોવાથી ધર્મરૂપ ગણાયો. સત્કર્મ કરતાં શુદ્ધ ભાવ રાખો. ભગવદ્ ભાવ રાખો. હૃદય શુદ્ધ રાખો એ મોટામાં મોટું તપ છે. તેથી સૌના અહંકારથી બ્રહ્મ કર્મનો આરંભ કરું છું. એ મંત્ર બોલીને દરેક સત્કાર્યની શરૂઆત કરવાની હોય છે.

મૈત્રેયજી પછી કર્દમની કન્યાઓના વંશનું વર્ણન કરે છે. મરીચિ અને કલાને ત્યાં કશ્યપ અને પૂર્ણિમા નામના બે પુત્રો થયેલા. અત્રિની પત્ની અનસૂયાથી દત્તાત્રેય, દુર્વાસા અને ચંદ્રમા નામના ત્રણ પુત્રો થયા છે. તે અનુક્રમે વિષ્ણુ, શંકર અને બ્રહ્મા ના અંશથી ઉત્પન્ન થયેલા. દત્તાત્રેય અત્રિના ઘરે આવે છે. પુરુષ અત્રિ જેવો તપસ્વી બને અને સ્ત્રી અનસૂયા જેવી તપસ્વિ ની બને, તો આજે પણ દત્તાત્રેય આવવા તૈયાર છે. અત્રિ એટલે નત્રિ. ત્રણ નથી તે અત્રિ. ત્રણ એટલે સત્ત્વ, રજ, તમ. એ ત્રિગુણનો નાશ કરી.

જે નિર્ગુણી બને તે અત્રિ, સત્ત્વ, રજ તમ આ ત્રણ ગુણમાં જીવ મળી ગયો છે.આ ત્રણ ગુણોમાં જીવ મળે છે. આ ત્રણ ગુણને છોડીને બ્રહ્મસંબંધ કરવાનો છે. ત્રિગુણાતીત બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયો છે તે અત્રિ. તર્જની આંગળી જીવભાવ-અભિમાન બતાવે છે. જીવમાં અભિમાન પ્રધાન છે. ટચલી આંગળી સત્ત્વ ગુણ છે. અંગૂઠો એ બ્રહ્મ છે. તેથી પુષ્ટિ સંપ્રદાયમાં ઠાકોરજીને તિલક અંગૂઠાથી થાય છે. શરીરમાં તમોગુણ છે તેને રજો ગુણથી મારો, દૂર કરો. રજોગુણને સત્ત્વગુણથી મારો એટલે કે નષ્ટ કરો. રજોગુણ કામ અને ક્રોધનો જનક છે. સત્કર્મથી સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ પર બંધન કરે છે. એમાં પણ થોડો અહંભાવ રહી જાય છે. માટે છેવટે સત્ત્વગુણને સત્ત્વગુણથી મારવાનો. સત્ત્વગુણનો પણ ત્યાગ કરવાનો છે અને નિર્ગુણી થવાનું છે. જીવ અત્રિ થાય તો તેની બુદ્ધિ અનસૂયા બને. અનસૂયા વગરની બુદ્ધિ એ જ અસૂયા. બુદ્ધિમાં મોટામાં મોટો દોષ અસૂયા છે, મત્સર છે. બીજાનું સારું જોઈ ઈર્ષ્યા કરે, બળે એ જ અસૂયા મત્સર. અસૂયા ઈશ્વરના માર્ગે જવામાં અવરોધક છે. પરદોષનો વિચાર એ શ્રીકૃષ્ણદર્શનમાં વિઘ્ન કરે છે.

બુદ્ધિમાં જ્યાં સુધી અસૂયા - મત્સર હશે ત્યાં સુધી તે ઈશ્વરનું ચિંતન કરી શકશે નહીં. જેની બુદ્ધિ અનસૂયા-અસૂયા વિનાની બને એ જ અત્રિ બને. પછી દત્તાત્રેય પધારે જીવ ત્રણ ગુણોનો ત્યાગ કરી નિર્ગુણી બને અને બુદ્ધિ અસૂયા વિનાની નિષ્કામ બને ત્યારે ભગવાન પ્રગટ થાય છે.તેથી અસૂયા-ઈર્ષ્યા કોઈ ની ન કરો. અનસૂયા મહાન પતિવ્રતા છે. એક વખત નારદજી કૈલાસમાં આવ્યા. તે વખતે શંકર સમાધિમાં હતા. પાર્વતીજી નારદજીને પ્રસાદ આપે છે.નારદજી કહે છે,લાડુ બહુ સુંદર છે. પણ અનસૂયાનો લાડુ તમારા લાડુ કરતાં શ્રેષ્ઠ છે. પાર્વતીજી પૂછે છે, એ અનસૂયા કોણ છે? નારદજી કહે, અનસૂયા મહાન પતિવ્રતા છે. પાર્વતીના મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ.મારાથી અન સૂયા વધે? શંકર સમાધિમાંથી જાગ્યા.

પાર્વતી વંદન કરે છે. ઘરનું માણસ બહુ નમે, સેવા કરે ત્યારે માનવું કે ખાડામાં ઉતારવાની તૈયારી છે. પાર્વતીએ શંકર પાસે માગણી કરી. કોઈપણ પ્રકારે અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય તેવું કરો! આ બાજુ નારદજી વૈકુંઠલોકમાં આવ્યા ને લક્ષ્મીજી મળ્યા. કહે, વૈકુંઠમાં મહિમા પહેલાં હતો, પણ હવે તો અનસૂયાના આશ્રમ જેવું ક્યાંય નહીં! લક્ષ્મીજીએ વિષ્ણુને કહ્યું કે, આપ એવું કાંઈક કરો કે જેથી અનસૂયાના પતિવ્રતનો ભંગ થાય.પાર્વતી એટલે બુદ્ધિ. બુદ્ધિ-વિદ્યામાં મત્સર છે. લક્ષ્મી એટલે દ્રવ્ય. દ્રવ્યમાં ઈર્ષ્યા-અસૂયા હેલી છે. બ્રહ્માણી એ રજોગુણ છે, ત્યાં પણ ઈર્ષ્યા છે. સાવિત્રીજીએ પણ આ પ્રમાણે બ્રહ્માને વિનંતી કરી. શંકર-વિષ્ણુ -બ્રહ્મા ત્રણ દેવો સાધુ વેશે ભિક્ષા માગવા અનસૂયાના આશ્રમમાં આવે છે. કહે છે, તમે નગ્ન થઈને ભિક્ષા આપો તો અમે લઈશું. અનસૂયા વિચારે છે કે, જો નગ્ન થઈને ભિક્ષા આપું તો મારા પતિ વ્રતનો ભંગ થાય અને ભિક્ષા ન આપું તો આંગણે આવેલા અતિથિ પાછા જાય. મને પાપ લાગે. નગ્ન થઈ ભિક્ષા આપો એવી પ્રભુ માગણી કરે છે,એટલે વૈષ્ણવ પ્રભુ ને વાસનારહિત થઈ ભિક્ષા આપે. ઈશ્વરને વાસનારહિત થઈ, નિષ્કામ થઈ સર્વ વસ્તુ અર્પણ કરવાની છે. અનસૂયાના મનમાં કોઈ વાસના ન હતી. સૂક્ષ્મ વાસના પણ જો મનમાં હોય તો ત્રણ દેવો આવતા નથી. અનસૂયાએ ધ્યાન ધર્યું અને ત્રણ દેવો ઉપર પાણીની અંજલિ છાંટી. ત્રણ દેવો બાળક બની ગયા. પતિવ્રતામાં એવી શક્તિ છે. પાર્વતી, લક્ષ્મી અને સાવિત્રી પોતાના પતિઓને શોધવા નીકળી. ત્રણે દેવીઓ ચિત્રકૂટમાં આવી.એટલામાં નારદ ત્યાં આવ્યા દેવીઓએ તેમને પૂછ્યું, અમારા પતિઓના કાંઈ સમાચાર જાણતા હોય તો કહો. નારદજી કહે, પહેલા કહો કોણ મોટું? તમે કે અનસૂયા? દેવીઓ કહે છે, અનસૂયા મોટાં! હવે નારદજી કહે છે, તમારા પતિઓ અનસૂયાના ઘરમાં ઘોડીએ હીંચે છે! બીજા સાથે અનસૂયા કરનારને શાંતિ મળતી નથી.દેવીઓ ગભરાય છે.ત્યાં જઈએ અને અનસૂયા શ્રાપ આપે તો? નારદજી કહે છે, તમે ભલે મત્સર કહો પણ અનસૂયા મત્સર કરશે નહીં. દેવીઓ આશ્રમમાં દેવી પાસે આવી. અનસૂયાએ પ્રતિજ્ઞા કરાવી કે, અમે કદી કોઈ પતિવ્રતા સ્ત્રીને નહીં પજવીએ. અત્રિ ઋષિ પૂછે છે કે,આ ત્રણ બાળકો કોણ? અનસૂયા કહે છે, આ ત્રણ મારા છોકરાઓ છે અને આ ત્રણે છોકરાઓની વહુઓ છે. પછી જળ છાંટ્યું. ત્રણ દેવો પ્રગટ થયા. આ ત્રણે દેવોનું તેજ ભેગું થવાથી ગુરુ દત્તાત્રેય પ્રગટ થયા છે. વાચક ચાહક મિત્રો,આપ સૌ ભગવદ્ જ્ઞાનનું રસ પાન કરી રહયા છો.



# તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શોના કલાકારો સાથે જોવા મળી દિશા વાકાણી

## તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં સોનુ ભીડેનો રોલ કરતી એક્ટ્રેસ પલક સિદ્ધવાનીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તસવીર શેર કરી છે

છેલ્લા ૧૫ વર્ષથી દર્શકોનું મનોરંજન કરી રહેલી સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં હાલમાં જ મિસિસ સોઢી તરીકે એક્ટ્રેસ મોના મેવાવાલાની એન્ટ્રી થઈ છે. મોનાએ શોમાં એક્ટ્રેસ જેનિફર મિસ્ત્રી બંસીવાલની જગ્યા લીધી છે. જેનિફરે શો છોડ્યાના ગણતરીના મહિનાઓમાં જ શોના મેકર્સે તેનું રિપ્લેસમેન્ટ શોધી લીધું. જોકે, દયાભાભીના રોલમાં જોવા મળતી અભિનેત્રી દિશા વાકાણીનું સ્થાન કોઈ અભિનેત્રી લઈ નથી શકી. ફેન્સ સાત વર્ષથી દયાભાભીના કમબેકની રાહ જોઈ રહ્યા છે. દિશા વાકાણી દયાભાભીના રોલમાં કમબેક કરશે કે નહીં એ તો ખબર નથી પરંતુ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની સ્ટારકાસ્ટ સાથે તેને જોઈને ફેન્સ ચોક્કસ ખુશ થઈ ગયા છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સોનુ ભીડેનો રોલ કરતી એક્ટ્રેસ પલક સિદ્ધવાનીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી




પર એક તસવીર શેર કરી છે. જેમાં તે ભીડેનો રોલ કરતાં એક્ટર મંદાર ચાંદવાડકરની પત્ની સ્નેહલ, અંજલીનું પાત્ર ભજવતી સુનૈના ફોજદાર, ટપ્પુનો રોલ કરતાં એક્ટર નિતેશ, અંબિકા રંજનકર સાથે જોવા મળી રહી છે. દિશા વાકાણી પણ આ તસવીરમાં પોતાની દીકરી સાથે જોવા મળી રહી છે. દિશાએ લાલ રંગનો ડ્રેસ પહેર્યો હતો જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. દિશા વાકાણીની 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કલાકારો સાથેની આ તસવીર સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. હવે તમને થતું હશે કે આ મુલાકાત ક્યાં થઈ ? તો જણાવી દઈએ કે, જેઠાલાલનો રોલ કરતાં એક્ટર દિલીપ જોષીના દીકરા ઋત્વિકના હાલમાં જ લગ્ન યોજાયા છે. દિલીપ જોષીએ ઋત્વિકનું રિસેપ્શન રાખ્યું હતું અને તેમાં 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની આખી સ્ટાર કાસ્ટ ઉપરાંત દિશા વાકાણીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. દિલીપ જોષીની દીકરીના લગ્ન ગત વર્ષે જ થયા હતા અને હવે ચાલુ વર્ષના અંતે દીકરાના પણ લગ્ન થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર દિલીપ જોષીના દીકરાના લગ્નનો વિડીયો વાયરલ થયો છે. ઉપરાંત સંગીત સંધ્યામાં 'જેઠાલાલ' દાંડિયા રમતા પણ જોવા મળે છે. દિશા વાકાણીના 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં કમબેકને લઈને ખાસ્સો ઉહાપોહ થોડા દિવસ પહેલા થયો હતો. શોમાં દયાબેનના કમબેકનો ટ્રેક બતાવાયો હતો. પરંતુ છેલ્લે કોથાળામાંથી બિલાડું કાઢતાં સુંદર દયાને લઈને ના આવ્યો અને ફરી એકવાર દર્શકો નિરાશ થયા હતા. દયાભાભીની એન્ટ્રેની ગતકડાં શોના મેકર્સ અગાઉ પણ કરી ચૂક્યા છે. એવામાં આ વખતે પણ દયાને ના જોઈને નિરાશ થયેલા ફેન્સે સોશિયલ મીડિયા પર 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ને બોયકોટ કરવાની માગ કરી હતી. જોકે, બોયકોટની માગણી બાદ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના પ્રોડ્યુસર અસિત મોદીએ એક નિવેદન આપ્યું હતું. જેમાં દયાબેન જલ્દી જ પાછા આવશે તેવી બાંહેધરી આપી છે. તેમણે કહ્યું, ''દયાભાભી જલ્દી જ પાછા આવશે અને અમને ખબર છે કે, તમે સૌ અમારાથી નારાજ છો. જોકે, તમે અમને પ્રેમ પણ કરો છો. અમને તમારા પ્રેમની કદર છે અને અમે તમારી લાગણીઓ સાથે નહીં રમીએ.

# યુએઇના બોક્સ ઓફિસમાં સેન્સર બોર્ડ સ્ક્રીનિંગમાં શાહરુખની ફિલ્મએ સ્ટેન્ડિંગ ઓવેશન હાંસિલ કર્યુ


શાહરુખ ખાનને બોલિવૂડના બાદશાહ કહેવામાં આવે છે. આ કારણે લોકોનો ખૂબ પ્રેમ કિંગ ખાનને મળે છે. વાત કરવામાં આવે તો ડંકી મુવીને હવે રિલીઝ થવાના થોડા દિવસો બાખી છે ત્યાં છપ્પ રફાડ રીતે એડવાન્સ બુકિંગ થઈ રહ્યુ છે. મહત્વની વાત તો એ છે કે કિંગ ખાનની આ ફિલ્મને રિલીઝ પહેલાં યુએઈના બોક્સ ઓફિસમાં આયોજિત થયેલી સેન્સર બોર્ડ સ્ક્રીનિંગ દરમિયાન સ્ટેન્ડિંગ ઓવેશન હાંસિલ કર્યુ છે. ત્યારબાદ ફેન્સનો ઉત્સાહ આ મુવીને લઈને ડબલ વધી ગયો છે. શાહરુખ ખાનની ડંકીને દર્શકોને અઢળક પ્રેમ મળી રહ્યો છે. આ ફિલ્મને લઈને ફેન્સ ખૂબ એક્સાઈટેડ છે. જો કે એડવાન્સ બુકિંગનો આંકડો જાણીને તમે પણ છક થઈ જશો. ડંકીનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયુ છે, જેમાં કિંગ ખાનની મુવીએ અત્યાર સુધીમાં લગભગ ૩૮ હજાર ટિકિટ્સ વેચાઈ ગઈ છે. રિપોર્ટ્સ અનુસાર કિંગ ખાનની મુવીએ બોક્સ ઓફિસ પર એડવાન્સ બુકિંગમાં એક કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. ફિલ્મની રિલીઝને હજુ ૪ દિવસ બાખી છે. જો કે હાલમાં એડવાન્સ બુકિંગનો આંકડો ઝડપથી વધી રહ્યો છે.

ડંકી રાજકુમાર હિરાની અને શાહરુખ ખાનની એક સાથેની ફિલ્મ છે. ડંકીનું નિર્દેશન રાજકુમાર હિરાનીએ કર્યુ છે અને ફિલ્મ હિરાની, અભિજાત જોશી અને કનિકા ઢિલ્લો દ્વારા લખવામાં આવી છે. કલાકારોની વાત કરવામાં આવે તો શાહરુખ ખાન, તાપસી પન્નુ, ધર્મેન્દ્ર અને વિક્કી કૌશલ કેમિયોની ભૂમિકામાં છે. ફિલ્મનું નિર્માણ હિરાની, ગૌરી ખાન અને જ્યોતિ દેશપાંડેએ કર્યુ છે. શાહરુખની આ મુવી પણ જવાનની જેમ કમાણી કરશે કે નહીં એ જોવાનું રહ્યું. ડંકીમાં કલાકારોની બહુ મસ્ત ટીમ છે. આ ફિલ્મ ૨૧ ડિસેમ્બરના રોજ રિલીઝ થશે. ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટીફિકેશન (સીબીએફસી) થી શાહરુખ ખાનની ફિલ્મ પાસ થઈ ગઈ છે. સીબીએફસીએ ફિલ્મ સર્ટિફિકેશનથી યૂ/એ સર્ટિફિકેટ પાસ કરી દીધુ છે. આટલું જ નહીં આ સાથે ફિલ્મના રનટાઈમનો પણ ખુલાસો થઈ ગયો છે. તમને જણાવી દઈએ કે ડંકીનો રનટાઈમ ૨ કલાક ૪૧ મિનિટ હશે. આ દિવસોમાં ટ્રેલર રિલીઝ થયુ હતુ જેને કમાલ કરી દીધો હતો.



# રવિ તેજાની ફિલ્મ મિસ્ટર બચ્ચનનું પહેલું પોસ્ટર રિલીઝ થયું

## રવિ તેજાની આ ફિલ્મના પોસ્ટરથી અને નામથી એ વાત સ્પષ્ટ થાય છે કે આ ફિલ્મ અમિતાભ બચ્ચનથી ઇન્સ્પાયર્ડ થયેલ છે



હરીશ શંકરના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ મિસ્ટર બચ્ચનનું પહેલું પોસ્ટર રિલીઝ થઈ ગયુ છે. આ પોસ્ટરમાં રવિ તેજાનો શાનદાર લુક જોવા મળી રહ્યો છે. બ્લેક ટીશર્ટ, બ્રાઉન જેકેટ, બ્લેક શેડ્સ લગાવીને બાઇક પર બેઠેલા રવિ તેજા સેમ ટુ સેમ અમિતાભ બચ્ચન જેવા જોવા મળી રહ્યા છે. માત્ર લુક નહીં, પરંતુ લાંબી મૂછો અને એમના હેરકટ પણ ૭૦ થી ૮૦ દશકના અમિતાભ બચ્ચન સાથે મેચ થઈ રહ્યા છે. સોશિયલ મિડીયામાં રવિનો આ લુક ખૂબ વાયરલ થઈ રહ્યો છે. રવિ તેજાની આ ફિલ્મનું નામ અને પોસ્ટરથી એ વાત સ્પષ્ટ થાય છે કે આ ફિલ્મ અમિતાભ બચ્ચનથી ઈન્સ્પાયર્ડ છે. રવિ તેજા અમિતાભ બચ્ચનના બહુ મોટા ફેન છે. જો કે આ મુવીને લઈને ફેન પણ એક્સાઈટેડ છે. પોતાનો લુક શેર કરતા રવિ તેજાએ કેપ્શનમાં લખ્યુ છે કે..નામ તો સુના હોગા..મેરે પસંદીદા અમિતાભ બચ્ચન સાહબ કે નામ વાલા કિરદાર નિભાના સમ્માન કી બાત હૈ. તમને જણાવી દઈએ કે મિસ્ટર બચ્ચનનું ડાયરેક્શન હરીશ શંકરે કર્યુ છે. આ ફિલ્મ પહેલાં પણ રવિ તેજા હરીશ શંકરની સાથે બે ફિલ્મો શોક અને મિરાપાકે કરી ચુક્યા છે. આ ફિલ્મમાં રવિ તેજા સિવાય ભાગ્યશ્રી બોરસે લીડ એક્ટ્રેસના રૂપમાં જોવા મળશે. આ એક તેલુગુ ફિલ્મ છે જેમની સાથે ભાગ્યશ્રી બોરસે તેલુગુમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. ફિલ્મ ૨૦૨૪માં મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે. રવિ તેજાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આ પહેલા તેલુગુ ટાઈગર નાગેશ્વર રાવમાં જોવા મળ્યા હતા. હવે કાર્તિક ગટ્ટમનેના ડાયરેક્નમાં બનેલી ફિલ્મ ઈગલમાં જોવા મળશે. ઈગલ ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે. ઉલ્લેખનીય છે કે હાલમાં ફેન્સ શાહરુખની ડંકી મુવીની રાહ જોઈને બેઠા છે. ડંકી મુવીનું એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયુ છે. જો કે અધધધ..લોકોએ એડવાન્સ બુકિંગ પણ કરાવી દીધુ છે. ડંકી મુવી અનેક ફિલ્મોના રેકોર્ડ તોડશે એવું લાગી રહ્યું છે.

## જિયા માણેક પછી એક્ટ્રેસ દેવોલિના ભટ્ટાચાર્જીએ ગોપી બહુનું પાત્ર ભજવ્યું હતું અને દર્શકોએ પણ તેમને આ પાત્રમાં પ્રેમ કર્યો હતો

# અનુપમાથી લઈને અર્ચના સુધી, TVની કેટલીક વહુઓએ રડી-રડીને વધારી TRP



૧. રૂપાલી ગાંગુલી



૨. જિયા અને દેવોલિના



૩. અંકિતા લોખંડે



૪. હિના ખાન



૫. ક્રિસ્ટલ ડિસોઝા



૬. શ્વેતા તિવારી

આજે અમે તમને ટીવીની આવી જ કેટલીક વહુઓ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેમની દુખભરી ઓનસ્ક્રીન લાઈફે શોની ટીઆરપીને આસમાને પહોંચાડી દીધી હતી. જ્યારે પણ આ વહુઓને સ્ક્રીન પર પ્રેમમાં દગો મળ્યો ત્યારે તેમની સાથેના દર્શકો પણ તેમના આંસુ રોકી શક્યા નહીં. સૌથી પહેલા વાત કરીએ 'અનુપમા' શો વિશે જે **TRP** લિસ્ટમાં ટોપ પર છે.

આ શોમાં એક્ટ્રેસ રૂપાલી ગાંગુલી 'અનુપમા'ના રોલમાં જોવા મળી રહી છે. એક્ટ્રેસે પોતાની દમદાર એક્ટિંગ દ્વારા દર્શકો સાથે એક ખાસ બોન્ડિંગ બનાવ્યું છે. ટીવીની વહુઓ વિશે વાત કરીએ ત્યારે ગોપી બહુનું નામ ન આવે એ શક્ય નથી. લેપટોપ ધોવાનું હોય કે અભણ હોવા છતાં કરોડો રૂપિયાનો બિઝનેસ સંભાળવો, 'ગોપી બહુ'એ બધું જ કર્યું હતું. શોના શરૂઆતના દિવસોમાં આ રોલમાં જોવા મળેલી એક્ટ્રેસ જિયા માણેકે પોતાની માસુમિયતથી બધાના દિલ જીતી લીધા હતા. જિયા માણેક પછી એક્ટ્રેસ દેવોલિના ભટ્ટાચાર્જીએ 'ગોપી બહુ'નું પાત્ર ભજવ્યું હતું અને દર્શકોએ પણ તેમને આ પાત્રમાં પ્રેમ કર્યો હતો. જિયા માણેક પછી એક્ટ્રેસ દેવોલિના ભટ્ટાચાર્જીએ ગોપી બહુનું પાત્ર ભજવ્યું હતું અને દર્શકોએ પણ તેમને આ પાત્રમાં પ્રેમ કર્યો હતો અર્ચના એટલે કે અંકિતા લોખંડેની સીરિયલ 'પવિત્ર રિશ્તા' ટીવી જગતમાં ક્યારેય ન ભૂલી શકાય એવો શો છે. આ શોમાં અંકિતાએ 'અર્ચના'નું પાત્ર ભજવીને વર્ષો સુધી દર્શકોના દિલ પર રાજ કર્યું હતું. અક્ષરા ઉર્ફ હિના ખાન ટીવીની સૌથી પોપ્યુલર એક્ટ્રેસમાંની એક છે. હિના ખાને ૯ વર્ષ સુધી 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'માં 'અક્ષરા'નું પોપ્યુલર પાત્ર ભજવ્યું હતું. આજે, ક્રિસ્ટલ ડિસોઝા વેબ સિરીઝ અને ફિલ્મોમાં પણ પોતાની એક્ટિંગ સ્કીલ્સ બતાવી રહી છે, પરંતુ આ પહેલા તેણે ઘણી સિરિયલોમાં સંસ્કારી વહુની ભૂમિકા ભજવી છે.

આ એક્ટ્રેસ 'એક હજારો મેં મેરી બેહના હૈ', 'કવચ' અને 'એક નયી પહચાન' જેવી સિરિયલોમાં વહુની ભૂમિકામાં જોવા મળી છે. શ્વેતા તિવારીએ વર્ષો પહેલા ટેલિકાસ્ટ શો 'કસૌટી ઝિંદગી સે' દ્વારા દર્શકોમાં પોતાનું નામ બનાવ્યું હતું. આ સિરિયલમાં આ એક્ટ્રેસ 'પ્રેરણા શર્મા'ના રોલમાં જોવા મળી હતી અને દર્શકોએ તેના પાત્ર પર દિલ ખોલીને પ્રેમ લૂંટાવ્યો હતો.



# બોલિવુડ અભિનેત્રી માહી ગીલ ૪૭ વર્ષની થઇ હોટ

## અભિનેત્રીએ વધુમાં કહ્યું કે, હવે હું એકદમ પરિપક્વ બની ગઈ છું, મારા ભૂતપૂર્વ પતિ સાથે મારા સારા સંબંધ છે

બૉલીવુડની હૉટ એક્ટ્રેસ અને હૉટ ગર્લ ગણાતી માહી ગીલનો આજે જન્મદિવસ છે, આજે એક્ટ્રેસ ૪૭ વર્ષની થઈ ગઈ છે. બૉલીવૂડ અભિનેત્રી માહી ગીલ ફિલ્મોને લઈને ઓછી અને તેના અંગત જીવનને લઈને વધુ ચર્ચામાં રહે છે. તેણે અચાનક ખુલાસો કર્યો કે તે એક દીકરીની માતા છે, જેણે બધાને ચોંકાવી દીધા. માહી ગીલનો જન્મ ૧૯ ડિસેમ્બર, ૧૯૭૫ના રોજ ચંદીગઢમાં જાટ શીખ પરિવારમાં થયો હતો. તે બાળપણથી જ અભિનયમાં પોતાની કારકિર્દી બનાવવા માંગતી હતી. આ કારણોસર, તેણે પંજાબ યૂનિવર્સિટીમાંથી થિયેટરમાં માસ્ટર ડિગ્રી કોર્સ કર્યો. માહી ગીલને તેનો પહેલો બ્રેક વર્ષ ૨૦૦૩માં પંજાબી ફિલ્મ 'હવાયેં'થી મળ્યો હતો. નિર્દેશક અમિતોજ માનના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી. અભિનેત્રીને સૌથી વધુ લોકપ્રિયતા અનુરાગ કશ્યપની ફિલ્મ 'દેવ ડી'થી મળી હતી. આ ફિલ્મ રિલીઝ થયા બાદ માહી ગીલ ફેમસ થઈ ગઈ હતી. તેને ઘણી ફિલ્મોની ઓફર મળવા લાગી. માહી ગીલ પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહી છે. અહેવાલો અનુસાર, તેણે ૧૭ વર્ષની ઉંમરમાં પ્રથમ વખત લગ્ન કર્યા હતા પરંતુ તેમનો સંબંધ લાંબો સમય ટકી શક્યો નહીં. અહેવાલ મુજબ માહી ગીલે પોતાના લગ્ન વિશે વાત કરતા કહ્યું હતું કે, 'મને ખબર છે કે મારા પ્રથમ લગ્ન નિષ્ફળ રહ્યા હતા, પરંતુ તે એટલા માટે થયું કારણ કે તે સમયે હું ઘણી નાની હતી અને પરિપક્વ નહોતી. અભિનેત્રીએ વધુમાં કહ્યું કે, 'હવે હું એકદમ પરિપક્વ બની ગઈ છું. મારા ભૂતપૂર્વ પતિ સાથે મારા સારા સંબંધ છે. હું હજુ પણ તેમનો આદર કરું છું અને અમે મેસેજ દ્વારા વાત કરતા રહીએ છીએ. અમે સંપર્કમાં છીએ. વર્ષ ૨૦૧૯ માં, માહી ગીલે ખુલાસો કર્યો હતો કે તે અઢી વર્ષની દીકરીની માતા છે. જોકે, તે સમયે તેણે તેના પતિનું નામ બિલકુલ જાહેર કર્યું ન હતું.

# મૌની રોયની બદમાશ રેસ્ટોરન્ટ

## આ તસવીરોમાં મૌની રોયે સોશિયલ મિડિયામાં શેર કરી છે, આ રેસ્ટોરન્ટ અંદરથી એકદમ ક્લાસી છે




ટીવી સિરીયલ અદાકાર મૌની રૌયે હાલમાં મુંબઈમાં પોતાની રેસ્ટોરન્ટ બદમાશ ઓપન કરી છે. મૌની રોયે પોતાની આ રેસ્ટોરન્ટની તસવીરો સોશિયલ મિડીયામાં શેર કરી છે. આ તસવીરોમાં અદાકાર મૌની રોય પોતાની રેસ્ટોરન્ટની તસવીર લેતા નજરે પડી રહી છે. અદાકાર મૌની રોયે આ નવી રેસ્ટોરન્ટ માટે એક ગ્રાન્ડ પાર્ટીનું આયોજન કર્યુ હતુ. જો કે હવે એક્ટ્રેસની આ રેસ્ટોરન્ટની તસવીર ખૂબ વાયરલ થઈ રહી છે. આ તસવીરો જોઈને તમને પણ અહીં જવાની ઈચ્છા થઈ જશે. અદાકાર મૌની રોયના રેસ્ટોરન્ટની તસવીરો ફેન્સનું દિલ જીતી રહી છે. આ રેસ્ટોરન્ટનું મેનુ પણ બધા કરતા હટકે છે. આ તસવીરો પરથી તમે અંદાજો લગાવી શકો છો કે ફૂડ પણ કેટલું સુપર ટેસ્ટી હશે. આ રેસ્ટોરન્ટમાં તમે એક વાર જશો તો વારંવાર જવાનું મન થશે. બદમાશ રેસ્ટોરન્ટનો એકદમ ક્લાસી લુક છે. રેસ્ટોરન્ટનું ઈન્ટિરીયર પણ અંદરથી જબરજસ્ત છે.

મૌની રોયની આ રેસ્ટોરન્ટ પૂરી જંગલ થીમ પર બનાવવામાં આવી છે. જંગલ થીમ રેસ્ટોરન્ટનો લુક વધારવાનું કામ કરે છે. બાળકોથી લઈને મોટા.એમ દરેક લોકોને એક નજરે ગમે જાય એવી હટકે થીમ છે. હોટલમાં જમવા બેસો એટલે તમને કંઈક અલગ જ ફિલિંગ આવે છે. મિડીયા રિપોર્ટ અનુસાર મૌની રોયની મુંબઈમાં બે રેસ્ટોરન્ટ છે. જેની તસવીરો સામાન્ય રીતે એક્ટ્રેસ શેર કરતી રહેતી હોય છે. આ તસવીરો જોઈને ફેન્સ વખાણ કરવા લાગ્યા છે અને જાતજાતની કોમેન્ટ્સ કરવા લાગ્યા છે. મૌની રોયે જ્યારે આ રેસ્ટોરન્ટનું ઉદ્ઘાટન કર્યુ એમાં ટોચની હસ્તીઓ સામેલ થઈ હતી. આ સમયે મૌની રોયે મેટાલિક ગોલ્ડ ડ્રેસ પહેર્યો છે. આ ડ્રેસમાં મૌની સુપર હોટ લાગી રહી છે. મૌનીનો આ ડ્રેસ એની હોટનેસમાં વધારો કરવાનું કામ કરે છે. મૌની રોયે બેંગલુરુ સ્થિત ઉદ્યોગતિ સુરજ નામ્બરિયાર સાથે લગ્ન કર્યા છે.

# ડીસા ખાતેથી શંકાસ્પદ ઘી બનાવતી બે ફેક્ટરીઓ પકડી પાડતુ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર

## રૂ. ૯.૫૦ લાખની અંદાજીત કિંમતનું શંકાસ્પદ ઘી અને એડલટ્રન્ટ તરીકે વપરાતું વનસ્પતી ઘી આશરે ૩૨૦૦ કિગ્રાનો જથ્થો જપ્ત

। મહંમદ રફીક શેખ (રાજુ) ડીસા, તા.૧૯ ।

કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ અને કટીબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે.જેના ભાગરૂપે બનાસકાંઠાના ડીસા ખાતેથી શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી પકડી પાડીને રૂ. ૯.૫૦ લાખની અંદાજીત કિંમતનું શંકાસ્પદ ઘી અને એડલટ્રન્ટનો વનસ્પતી ઘી આશરે ૩૨૦૦ કિગ્રા જથ્થો જપ્ત કરાયો છે.

શ્રી કોશિયાએ ઉમેર્યું કે, પાલનપુરના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને જીલ્લા પોલીસ તંત્રને બનાસકાંઠા ખાતે ઘીમાં ભેળસેળ કરવામાં આવે છે તેવી મળેલ બાતમી મળી હતી જેના આધારે રેડ કરવામાં આવી હતી. જેમાં મે. શ્રી પદમનાથ ફુડ પ્રોડકટસ, પી.એન. ઈન્ડસ્ટ્રીઝ પાર્ક, રેલવે ફાટક પાસે, ડીસા, પાલનપુર ખાતે પેઢીના માલિક લોમેશ યોગેશભાઈ લીંબુવાલાની હાજરીમાં શંકાસ્પદ ઘી નો એક નમુનો લેવાયો હતો. જયારે અંદાજીત રૂ. ૧.૬૨ લાખની કિંમતનો બાકીનો ૪૫૦ કિગ્રા જથ્થો સ્થળ ઉપર જપ્ત કરવામાં આવ્યો છે .

આ ઉપરાંત ડીસા, બનાસકાંઠા ખાતે આવેલ બીજી પેઢી મે. ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ, રેલવે સ્ટેશન રોડ, ડીસા, બનાસકાંઠા ખાતે તપાસ કરતા સ્થળ ઉપર શંકાસ્પદ ઘી અને એડલટ્રન્ટ તરીકે વનસ્પતિ ઘી મળી આવતા પેઢી ના માલિક શ્રી ઠક્કર દિનેશભાઈ ની હાજરી માં શંકાસ્પદ ઘી ના પાંચ





નમુના લેવામા આવ્યા છે અને બાકીનો અંદાજીત કિંમત રુ. ૫.૫૦ લાખની કિંમતનો આશરે ૧૩૫૦ કિ. ગ્રા. ઘી નો જથ્થો અને એડલટ્રન્ટ તરીકે વનસ્પતિ ઘી ના બે નમુના લેવામાં આવ્યા જયારે બાકીનો આશરે અંદાજીત કિંમત રૂ. ૨.૫૦ લાખ કિંમતનો ૧૪૦૦ કિગ્રા જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે,આ બે રેડમાં ઘી અને વનસ્પતીના કુલ આઠ નમુનાઓ લેવામા આવ્યા છે જેમા અંદાજીત રૂ. ૯.૫૦ લાખની કિંમતનો બાકીનો કુલ આશરે ૩૨૦૦ કિ. ગ્રા. જથ્થો કાયદા મુજબ જપ્ત કરવામા આવ્યો છે. આ ખાદ્ય પદાર્થો બિન-આરોગ્યપ્રદ હોઈ તેમનો પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ બાબતમાં આગળની ઝીણવટભરી તપાસ ચાલી રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

# વેસ્ટ ઝોન ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામા ડાંગ જિલ્લાની ૪ વિદ્યાર્થીનીઓની પસંદગી



। ડાંગ, તા.૧૯ ।

તાજેતરમા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બાસ્કેટ બોલ (બહેનો) ની આંતર વિશ્વ વિદ્યાલય ટીમ પસંદગી માટે, સુરત યુનિવર્સિટી ખાતે આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા સરકારી વિજ્ઞાન કૉલેજ, આ-હવાની કુલ ૫ વિધાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૪ વિદ્યાર્થિનીઓની પસંદગી યુનિવર્સિટી ટીમમાં થઇ હતી.

આ વિધ્યાર્થીનીઓ હવે આગામી સમયમા ગ્વાલિયર ખાતે વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેશે. બાસ્કેટ બોલ માટે સીમિત જગ્યા અને ટાંચા સાધનો હોવા છતાય, વિધ્યાર્થીનીઓની અથાગ મહેનતથી, તેઓ પ્રથમ વાર યુનિવર્સિટી સ્પર્ધામા પસંદગી પામી છે. વિધ્યાર્થીનીઓની આ સિધ્ધિ બદલ આહવા વિજ્ઞાન કોલેજના આચાર્યશ્રી ડો.એ.જી.ધારિયા તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે વિધાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા. વિધાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં કોલેજના અધ્યાપક ડો.જે.જે.ચૌહાણની ભૂમિકા મહત્વની રહી હતી.

# પ્રધાનમંત્રીએ ઉત્તરપ્રદેશનાં વારાણસીમાં રૂ. ૧૯,૧૫૦ કરોડથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું

## "મોદી કી ગેરંટી કી ગાડી સુપરહિટ છે કારણ કે સરકાર નાગરિકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે, બીજી રીતે નહીં"

। વારાણસી, તા.૧૯ ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશનાં વારાણસીમાં રૂ. ૧૯,૧૫૦ કરોડથી વધારે મૂલ્યનાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું હતું અને દેશને સમર્પિત કરી હતી.

આ પ્રોજેક્ટ્સમાં અન્ય રેલવે પ્રોજેક્ટ્સની સાથે ન્યૂ પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર-ન્યૂ ભાઉપુર ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર પ્રોજેક્ટનું ઉદઘાટન સામેલ છે. તેમણે નવા ઉદ્‌ઘાટન થયેલા ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર ખાતે વારાણસી-નવી દિલ્હી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન, દોહરીઘાટ-મઉ મેમુ ટ્રેન અને લાંબા અંતરની માલગાડીઓની જોડીને લીલી ઝંડી આપી હતી. તેમણે બનારસ લોકોમોટિવ વર્ક્સ દ્વારા બનાવવામાં આવેલા ૧૦,૦૦૦માં એન્જિનને લીલી ઝંડી પણ આપી હતી. તેમણે ૩૭૦ કરોડથી વધુના ખર્ચે બે આરઓબી સાથે ગ્રીન-ફિલ્ડ શિવપુર-ફુલવારિયા-લહરતારા રોડનું લોકાર્પણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ ઉદઘાટન કરેલા અન્ય મુખ્ય પ્રોજેક્ટ્સમાં ૨૦ માર્ગોને મજબૂત અને પહોળા કરવાનો સમાવેશ થાય છે. કૈથી ગામમાં સંગમ ઘાટ રોડ અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય હોસ્પિટલમાં રહેણાંક મકાનોનું નિર્માણ, પોલીસ લાઈન અને પીએસી ભુલનપુરમાં ૨૦૦ અને ૧૫૦ બેડની બે બહુમાળી બેરેકની ઈમારતો, ૯ સ્થળોએ સ્માર્ટ બસ આશ્રયસ્થાનો અને અલાઈપુરમાં ૧૩૨ કિલોવોટ સબસ્ટેશનનું નિર્માણ. તેમણે સ્માર્ટ સિટી મિશન અંતર્ગત યુનિફાઈડ ટૂરિસ્ટ પાસ સિસ્ટમનો પણ શુભારંભ કરાવ્યો હતો.

પ્રધાનમંત્રીએ રૂ. ૬૫૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું શિલારોપણ કર્યું હતું, જેમાં ચિત્રકૂટ જિલ્લામાં આશરે રૂ. ૪,૦૦૦ કરોડનાં ખર્ચે ૮૦૦ મેગાવોટનો સોલર પાર્ક, રૂ. ૧૦૫૦ કરોડથી વધારેનાં ખર્ચે નવું પેટ્રોલિયમ ઓઈલ ટર્મિનલ, રૂ. ૯૦૦ કરોડથી વધારેનાં ખર્ચે વારાણસી-ભદોહી એનએચ ૭૩૧ બી (પેકેજ-૨)નું વિસ્તરણ સામેલ છે. જલ જીવન મિશન અંતર્ગત રૂ. ૨૮૦ કરોડના ખર્ચે ૬૯ ગ્રામીણ પીવાના પાણીની યોજનાઓ અને અન્ય વિવિધ આરોગ્ય ક્ષેત્રના પ્રોજેક્ટ્સ. અહિં જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ વારાણસીના લોકોને દેવ દિવાળી દરમિયાન સૌથી વધુ દીવા પ્રગટાવવા બદલ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ તમાશાનો અનુભવ કરવા માટે તેઓ ઉપસ્થિત ન હોવા છતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, વિદેશી મહાનુભાવો અને પ્રવાસીઓ સહિત વારાણસીની મુલાકાત લેનારાઓ દ્વારા તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા તથા વારાણસી અને એનાં નાગરિકોનાં વખાણ સાંભળીને તેમને જે ગર્વ થયો હતો તેની બડાઈ મારવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "જ્યારે કાશીનાં નાગરિકોનાં કાર્યો પર પ્રશંસાનો વરસાદ થાય છે, ત્યારે મને ગર્વ થાય છે." પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, ભગવાન મહાદેવની ભૂમિની સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતા ક્યારેય પર્યાપ્ત ન હોઈ શકે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "જ્યારે કાશી સમૃદ્ધ થાય છે, ત્યારે ઉત્તરપ્રદેશ સમૃદ્ધ થાય છે અને જ્યારે ઉત્તરપ્રદેશ સમૃદ્ધ થાય છે, ત્યારે ઉત્તરપ્રદેશ સમૃદ્ધ થાય છે, ત્યારે ઉત્તરપ્રદેશ સમૃદ્ધ થાય છે." તેમણે આશરે રૂ. ૨૦,૦૦૦ કરોડનાં મૂલ્યની વિકાસ યોજનાઓનાં ઉદઘાટન અને શિલાન્યાસમાં આ જ માન્યતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે વારાણસીનાં ગામડાંઓને પાણીનાં પુરવઠાનો, બીએચયુ ટ્રોમા સેન્ટરમાં ક્રિટિકલ કેર યુનિટ, માર્ગો, રેલવે, એરપોર્ટ, વીજળી, સૌર ઊર્જા, ગંગા ઘાટ અને અન્ય વિવિધ ક્ષેત્રોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, તેનાથી આ વિસ્તારમાં વિકાસની ગતિ વધશે. તેમણે ગઈકાલે સાંજે કાશી-કન્યાકુમારી તમિલ સંગમમ ટ્રેન તથા વારાણસી-નવી દિલ્હી વંદે ભારત એક્સપ્રેસ તથા દોહરીઘાટ-મઉ મેમુ ટ્રેનોને લીલી ઝંડી આપવાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેને આજે લીલી ઝંડી આપવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ આજની વિકાસલક્ષી પરિયોજનાઓ માટે દરેકને અભિનંદન પાઠવ્યા હતા.

# નાંદોદ તાલુકાના મોટી ભમરી ગામે ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો

## વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌએ શપથ લીધા હતા : વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભ-પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા



। નાંદોદ, તા.૧૯ ।

નાંદોદ તાલુકાના મોટી ભમરી ગામે ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા ગામલોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં સરકારની યોજનાકીય ફિલ્મ નિહાળી વિકસિત ભારતના નિર્માણની સૌએ સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ તકે ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૭ જેટલી ફ્લેગશીપ યોજનાઓની માહિતી આપતી ફિલ્મ નિદર્શન થકી યોજનાઓનો લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો.દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના વિઝનથી ભગવાન બિરસા મુંડાના જન્મ સ્થળ ઝારખંડથી શરૂ થયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મૂળ હેતુ સરકારશ્રીની યોજનાઓનો વ્યાપ વધારવા અને આદિજાતી વિસ્તારના લોકોની સુખાકારીમાં વધારો કરી દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનો છે. લોકોની સમસ્યા જાણી તેનો નિવેડો કેવી રીતે લાવી શકાય તે દિશામાં વડાપ્રધાનશ્રીએ વિચારણા કરી અનેક યોજનાઓ બનાવી છે. તેનો લાભ જન જન સુધી પહોંચે તેની જાણકારી આપવા માટે આ યાત્રા ગામે ગામ ફરી રહી છે. નાના બાળકોથી લઈને વૃદ્ધોની ચિંતા કરી સરકારશ્રીએ અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેનો લાભ લેવાથી કોઈ વંચિત ન રહી જાય તે માટે આપણે પણ નાગરિક તરીકે ફરજ અદા કરી જરૂરિયાતમંદ લાભાર્થીઓને લાભ થાય તે દિશામાં કાર્ય કરવા સૌને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં નાંદોદ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી સુમંતાબેન વસાવા અને શ્રી હરેશભાઈ વસાવા, જિલ્લાના અગ્રણીશ્રી વિક્રમભાઈ તડવીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો હેતુ સમજાવ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા ઉપસ્થિત સૌને આગ્રહ કરી વિકસિત ભારતના સંકલ્પ ને સાકાર કરવા માટે સહભાગી થવા નાગરિકોને અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે "મેરી કહાની, મેરી જુબાની" અંતર્ગત વિવિધ યોજનાના વ્યક્તિગત લાભાર્થીઓએ યોજનાકીય લાભોથી તેમના જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની કહાની ગ્રામજનો સમક્ષ પ્રસ્તુત કરી બાકી રહી ગયેલા લોકોને યોજનાનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા.

# આતરસુંબા રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રની સમિતિમાં નિમણૂંક કરાઈ





। રાજેશ શર્મા આતરસુંબા, તા.૧૯ ।

આતરસુંબા રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર CHC ની RKS સમિતિમાં સદસ્યશ્રી તરીકે

૧. રાજેશભાઈ ખોડીદાસ શર્મા : પૂર્વ સરપંચ આતરસુંબા અને કોષાધ્યક્ષ, ખેડા જિલ્લા ભાજપ બક્ષીપંચ મોર્ચો.

૨. શ્રી મૂળરાજસિંહ સોલંકી : પૂર્વ પ્રમુખ, કપડવંજ તાલુકા પંચાયત અને પૂર્વ પ્રમુખ, કપડવંજ તાલુકા ભાજપ સંગઠન બન્ને મહાનુભાવોની નિમણુંક કરવામાં આવી છે. બન્ને અનુભવી વ્યક્તિનો સહયોગ CHC માટે ખૂબ આવકાર દાયક અને ઉપયોગી બની રહેશે.

૧. શ્રી રાજેશભાઈ શર્મા આતરસુંબા અને ૨. શ્રી મૂળરાજસિંહ સોલંકી (ધોળાકુવા)એ આતરસુંબા સરકારી હોસ્પિટલ CHCમાં સદસ્યશ્રી તરીકે નિમણુંક બદલ કપડવંજ વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સાહેબ અને ભાજપ સંગઠનનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો છે. માનનીય ધારાસભ્ય શ્રી રાજેશભાઈ ઝાલા સાહેબનો ખૂબ ખૂબ આભાર.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા કામરેજ તાલુકાના કોસમાડા અને છેડછા ગામના ગ્રામવાસીઓ

। કામરેજ, તા.૧૯ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના કામરેજ તાલુકાના કોસમાડા અને છેડછા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. સંકલ્પયાત્રામાં પદાધિકારીઓ અને તેમજ વિવિધ શાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, પી.એમ કિસાન સન્માન નિધિ અને વય વંદના યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં હતી. આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ખેડા જિલ્લાના ૧૯ જેટલા સખી મંડળના બહેનોએ તાલીમનો લાભ લીધો

# રૂડસેટ સંસ્થા નડિયાદ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સખી મંડળના બહેનો માટે બીસી સખીની તાલીમ યોજાઇ



। નડિયાદ, તા.૧૯ ।

બેરોજગાર યુવાન-યુવતીઓને નિઃશુલ્ક તાલીમ આપતી રૂડસેટ સંસ્થા નડિયાદ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી ૬ દિવસની બીસી સખીની તાલીમ સખી મંડળના બહેનો માટે યોજવામાં આવી.

આ તાલીમનો મુખ્ય હેતુ એ હતું કે આ તાલીમમાં બહેનોને બેંકિંગને લગતી માહિતીની સાથે ઓનલાઈન નાણાંની લેવડ દેવડ કેવી રીતે કરવી તેમજ બૅકિંગને લગતી ઓનલાઇન સુવિધાઓ પોતે ગ્રામ્ય સ્તરે કરી શકે અને ગ્રામ્ય વિસ્તારના લોકો ગામમાં જ બધી ઓનલાઈન સુવિધા પ્રાપ્ત કરી શકે. આ તાલીમ કાર્યક્રમ ખેડા જિલ્લાના ૧૯ જેટલા સખી મંડળના બહેનોએ તાલીમનો લાભ લીધો હતો. આ તાલીમના પુર્ણાહુતિ પ્રસંગે ગુજરાત લાઈવીહૂડ પ્રમોશન કંપની લી. ખેડાના DLM શ્રીમતી મધુબેન પરમાર તેમજ APM શ્રી સંદીપભાઈ સુથાર ઉપસ્થિત રહી તાલીમ લઈ રહેલા બહેનોને બૅકિંગને લગતી ઓનલાઈન સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી સરળતાથી પહોચે તે માટે આહ્વાન કર્યુ હતું તથા તેમણે ઉમેર્યું હતું કે બીસી સખી દ્વારા બેકની તમામ સુવિધાઓ ગ્રામ્ય સ્તરના લોકો સુધી પહોંચે અને લોકો સુવિધાનો લાભ લઈ શકે. ત્યારબાદ તાલીમાર્થી બહેનોને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. ઘરના પ્રવર્વતમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે. આ કિસ્સા માં, તમારે કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરવો જ જોઈએ.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે. પોતાના જીવન કરતાં તમને વધુ પ્રેમ કરતી વ્યક્તિને તમે મળશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. દરેક વસ્તુ પર પ્રેમ બતાવવો તે યોગ્ય નથી.

## દિવસના ઉતાર-ચઢાવ પછી સેન્સેક્સ-નિફ્ટી લીલા નિશાન પર બંધ, નેસ્લેના શેરમાં વધારો

। મુંબઈ, તા.૧૯ ।

શેરબજારનો કારોબાર મંગળવારે નજીવા વધારા સાથે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૧૨૨ પોઈન્ટના વધારા સાથે ૭૧૪૩૭ પોઈન્ટના સ્તરે બંધ થયો છે જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨૭ પોઈન્ટના વધારા સાથે ૨૧,૪૪૬ પોઈન્ટના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો છે. મંગળવારે શેરબજારના અસ્થિર કારોબારમાં નિફ્ટી મિડકેપ ૧૦૦, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક્માં નબળાઈ નોંધાઈ હતી જ્યારે બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યો હતો. શેરબજારના ટોપ ગેનર્સમાં નેસ્લે ઈન્ડિયા, કોલ ઈન્ડિયા, ટાટા કન્ઝ્યુમર અને એનટીપીસીના શેરનો સમાવેશ થાય છે. નબળાઈ દર્શાવનારા શેરોમાં એસબીઆલાઈફ, હીરો મોટોકોર્પ, અદાણી પોર્ટ્સ અને વિપ્રોના શેરનો સમાવેશ થાય છે. શેરબજારમાં દિવસના કારોબાર દરમિયાન, સેન્સેક્સે એકવાર ૨૫૦ પોઈન્ટ સુધીનો વધારો નોંધાવ્યો હતો. નિફ્ટીએ મંગળવારે પહેલીવાર ૨૧૫૦૦ના સ્તરને સ્પર્શવાનો પ્રયાસ કર્યો હતો. મંગળવારે ગૌતમ અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી ૭ના શેરમાં નબળાઈ નોંધાઈ હતી જ્યારે અદાણી ગ્રીન એનર્જી અને દ્રહ્રફના શેરમાં વધારો નોંધાયો હતો. મંગળવારે અંબુજા સિમેન્ટ, અદાણી ટોટલ ગેસ, અદાણી પાવર, અદાણી વિલ્મર, એસીસી, અદાણી એન્ટરપ્રાઈઝ અને અદાણી પોર્ટ્સના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. જો મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો ટાટા મોટર્સ, સ્ટોવ ક્રાફ્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જિયો ફાઈનાન્શિયલ, પટેલ એન્જિનિયરિંગ અને યુનિ પાર્ટ્સ ઈન્ડિયાના શેરમાં નબળાઈ જોવા મળી હતી.

### સંસદી સુરક્ષામાં ચૂક મામલે રાજકારણમાં ભારે ગરમાવો

# સંસદમાંથી વધુ ૪૯ સાંસદો સહિત કુલ ૧૪૧ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા

### સોમવારે સંસદમાંથી રેકોર્ડ ૭૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા ત્યાર પછી મંગળવારે વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરાયા

। નવી દિલ્હી, તા.૧૯ ।



સંસદમાં અત્યારે સત્તાપક્ષ અને વિરોધપક્ષો વચ્ચે જોરદાર ધમાલ ચાલી રહી છે જેમાં વિપક્ષના સાંસદો સામે સસ્પેન્શનનું હથિયાર ઉગાવવામાં આવ્યું છે. આજે લોકસભામાંથી વિપક્ષના ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ સાથે જ આ વખતે સસ્પેન્ડ થયેલા સાંસદોની સંખ્યા ૧૪૧ સુધી પહોંચી ગઈ છે. તેમાં રાજ્યસભા અને લોકસભા બંનેના સભ્યોનો સમાવેશ થાય છે.

ગયા અઠવાડિયે સંસદભવનમાં બે લોકો ગેરકાયદે ઘૂસી આવ્યા હતા અને સુરક્ષા વ્યવસ્થાનો ભંગ કર્યો હતો. આ મામલે ગૃહમંત્રી અમિત શાહ નિવેદન આપે તેવી માંગણી કરીને વિપક્ષોએ હંગામો મચાવ્યો છે. કેટલાક સભ્યો અમિત શાહના રાજીનામાની માંગણી કરે છે તેથી સંસદના બંને ગૃહોમાંથી સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવી રહ્યા છે. આ લોકો આખા સત્ર દરમિયાન સંસદમાં આવી નહીં શકે. સોમવારે સંસદમાંથી ૭૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જે એક રેકોર્ડ હતો. ત્યાર પછી આજે વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરાયા છે. તેના કારણે હવે સંસદમાં વિરોધપક્ષના સાંસદોની કોઈ શક્તિ જ રહી નથી. તમામ સાંસદોને તેમની ગેરવર્તણૂકના કારણોસર ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગૃહમાંથી સસ્પેન્ડ થયા પછી સાંસદોએ બહાર ઉભા રહીને સરકાર વિરુદ્ધ નારેબાજી કરી હતી. તેમનું કહેવું છે કે સરકાર વિરોધપક્ષોની વાત સાંભળતી નથી અને સરમુખત્યારશાહી ચલાવે છે. સસ્પેન્ડ થયેલા સાંસદોમાં કોંગ્રેસના શશી થરૂર, મનીષ તિવારી અને કાર્તિ ચિદમ્બરમ, એનસીપીના સુપ્રીયા સૂળે, સમાજવાદી પાર્ટીના ડિમ્પલ યાદવ, તૃણમુલ કોંગ્રેસના સુદીપ બંદોપાધ્યાય સામેલ છે. કેન્દ્રિય મંત્રી અર્જુન રામ મેઘવાલ આ સાંસદોને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ લાવ્યા હતા અને પછી બધાને આખા સત્ર માટે સસ્પેન્ડ કરી દેવાયા હતા. નીચલા ગૃહમાં સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે સંસદમાં પ્લેકાર્ડ લઈને નહીં આવવાનું નક્કી કરવામાં આવ્યું હતુ છતાં પ્લેકાર્ડ લાવવામાં આવ્યા હતા. તાજેતરની ચૂંટણી હાર્યા પછી હતાશાના કારણે તેઓ આવા પગલાં લઈ રહ્યા છે. તેના કારણે અમે આ દરખાસ્ત લાવ્યા છીએ.

આ સાથે જ હવે સંસદમાંથી કુલ ૧૪૧ સાંસદો સસ્પેન્ડ થઈ ગયા છે. સોમવારે લોકસભાના ૪૬ અને રાજ્યસભાના ૪૫ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કેટલાક સાંસદો વિરુદ્ધ પ્રિવિલેજ કમિટી દ્વારા તપાસ કરવામાં આવશે. નવી સંસદના ચાલુ શિયાળુ સત્રમાં સંસદમાં અભૂતપૂર્વ ધમાલ થઈ છે. તેના કારણે સરકારે શિક્ષાત્મક પગલાં લઈને વિપક્ષોને શાંત પાડવાનો માર્ગ અપનાવ્યો છે. વિપક્ષોની દલીલ છે કે સરકાર લોકતાંત્રિક રીતે કામ કરવા માંગતી નથી. સંસદના શિયાળુ સત્રમાં લોકસભામાં સુરક્ષા ભંગ કરનારા કેટલાક યુવકોની હરકત બાદ વિપક્ષી સાંસદોએ તેના પર પ્રશ્ન કરતા આ અંગે હોબાળો કર્યો હતો. જેથી આ બાબતને અશોભનીય માનતા લોકસભામાં વિપક્ષના વધુ ૪૯ સાંસદ સસ્પેન્ડ તેમજ અત્યાર સુધી કુલ ૧૪૧ સાંસદની હકાલપટ્ટી કરી છે. તેમને નિયમ ૨૫૬ હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જે સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમાં વિપક્ષી પાર્ટીઓના ઘણા સાંસદો છે. ચાલો જાણીએ કે જે સભ્યોના આચરણ અને તેમની સામે શિસ્તબદ્ધ કાર્યવાહીને વ્યાખ્યાયિત કરતો નિયમ ૨૫૬ શું છે. આ પહેલા પણ ૧૯૮૯માં લોકસભાનું સૌથી મોટું સસ્પેન્શન કરવામાં આવ્યું હતું. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યાનો ઠક્કર કમિશનનો રિપોર્ટ સંસદમાં રજૂ કર્યો ત્યારે સાંસદોએ હંગામો કર્યો હતો. ત્યારે સ્પીકરે ૬૩ સાંસદોને સસ્પેન્ડ કર્યા હતા. લોકસભા અને રાજ્યસભાના સભ્યો વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે પણ નિયમો બનેલા છે. સસ્પેન્શનની કાર્યવાહી અંગેના નિયમો બંને ગૃહો દ્વારા નિયમ પુસ્તક દ્વારા સંચાલિત થાય છે.

### અમેરિકાના રક્ષા મંત્રી ઈઝરાયેલની મુલાકાતે

## હમાસ સામેનું યુધ્ધ અમેરિકાનું પણ છે : ઈઝરાયેલ પીએમ નેતન્યાહૂ

### તેમને બચાવવાના શક્ય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

। નવી દિલ્હી, તા.૧૯ ।

અમેરિકાના રક્ષા મંત્રી ઈઝરાયેલની મુલાકાતે છે. આ દરમિયાન ઈઝરાયેલા વડાપ્રધાને સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન ઈઝરાયેલના પીએમનેતન્યાહૂએ ફરી એક વખત પુનરોચ્ચાર કર્યો કે, હમાસ વિરુદ્ધ સંપૂર્ણ જીત પ્રાપ્ત કરવી એ જ અમારું લક્ષ્ય છે. આ યુદ્ધ માત્ર ઈઝરાયેલનું જ નથી પરંતુ અમેરિકાનું પણ છે. કારણ કે, ઈરાને બાબ અલ-મંદેબના સમુદ્રી માર્ગને બંધ કરવાની ધમકી આપી છે જે વિશ્વ માટે નોવિગેશનની સ્વતંત્રતા માટે એક મોટું જોખમ છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ઈઝરાયેલના પીએમનેતન્યાહૂએ ઈઝરાયેલના સમર્થન માટે વોશિંગટનનો આભાર માન્યો હતો. આ દરમિયાન અમેરિકી રક્ષા મંત્રી લોયડ ઓસ્ટિન પણ નેતન્યાહૂ સાથે જ ઉપસ્થિત રહ્યા હતા. પીએમ નેતન્યાહૂએ આગળ કહ્યું કે, અમે બર્બરતા વિરુદ્ધ સભ્યતાની લડાઈ લડી રહ્યા છીએ. મેં હંમેશા કહ્યું હતું હતું કે, આ યુદ્ધ હમાસ વિરુદ્ધ સંપૂર્ણ જીતનું છે. તેના માટે અમે પ્રતિબદ્ધ છીએ. અમારું માનવું છે કે, આ યુદ્ધ માત્ર અમારું જ નથી પરંતુ અમેરિકાનું પણ છે કારણ કે, અમેરિકા વિશ્વમાં સભ્યતાની તાકાતોનું નેતૃત્વ કરી રહ્યું છે. અમેરિકા બાબ અલ-મંદેબ ને ખોલવા માટે કાર્યવાહી કરી રહ્યું છે. આ યુદ્ધમાં માત્ર અમારું જ હિત નથી પરંતુ સંપૂર્ણ સભ્ય સમાજનું હિત છે. ઓસ્ટિનની ઈઝરાયેલ યાત્રા અમેરિકાના અતૂટ અને અટલ સમર્થનને દર્શાવે છે. ઓસ્ટિને કહ્યું કે, હું અહીં એ સ્પષ્ટ કરવા માટે આવ્યો છું કે, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને વારંવાર કહ્યું છે કે, ઈઝરાયેલ પ્રત્યે અમારી પ્રતિબદ્ધતા છે.



### હિંગ મહાસાગરમાં સર્જાયેલા ચક્રવાતે મુશ્કેલી સર્જી

## તામિલનાડુમાં ભારે વરસાદની આગાહી, સ્કૂલ-કોલેજ બંધ

। ચેન્નાઈ, તા.૧૯ ।

હિંગ મહાસાગરમાં સર્જાયેલા ચક્રવાતને કારણે તામિલનાડુના ચાર તટીય જિલ્લાઓમાં મુશળધાર વરસાદ વરસ્યો છે જેના પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. પૂરના કારણે થૂથુકુડી જિલ્લાના શ્રીવૈકુંતમમાં અંદાજે ૮૦૦ રેલવે મુસાફરો અટવાયા છે. રાજ્યમાં વણસથી સ્થિતિ વચ્ચે વડાપ્રધાન સાથે મુખ્યમંત્રીએ મુલાકાતનો સમય માંગ્યો છે. તામિલનાડુના ચાર તટીય જિલ્લા તિરુનેલવેલી, થૂથુકુડી, કન્યાકુમારી અને તેનકાસીમાં વરસાદને પગલે ભારે પૂર આવ્યુ છે. થૂથુકુડીમાં અત્યાર સુધીમાં ૫૨૫ મીમીથી વધુ વરસાદ નોંધાયો છે. પૂર્ને ધ્યાનમાં રાખીને દક્ષિણ રેલવેએ ૧૫ ટ્રેનો રદ કરી છે જ્યારે અનેક ટ્રેનોના રૂટમાં ફેરફાર કર્યા છે. પૂરના કારણે અત્યાર સુધીમાં ૭૫૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. હવામાન વિભાગે આગામી ૨૪થી ૪૮ કલાક ભારે વરસાદની આગાહી કરી છે જેના પગલે સ્કુલ-કોલેજો તેમજ બંધ રાખવામાં આવી છે. પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાહત અને બચાવ કાર્ય માટે દ્રહ્રઈહ્ર અને સ્થાનિક આપત્તિ રાહત દળોના ૨૫૦થી વધુ જવાનોને કન્યાકુમારી, તિરુનેલવેલી, તુતીકોરીન અને તેનકાસી જિલ્લામાં અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવ્યા છે.

### આ આખા દેશમાં ફક્ત આટલા જ લોકો રહે છે

## માઇક્રોનેશન મોલોસિયામાં ત્રણ શ્વાન અને ત્રણ માણસો રહે છે

। નવી દિલ્હી, તા.૧૯ ।

હાલમાં સમગ્ર વિશ્વમાં ૨૨૫ દેશો છે. કેટલાક દેશો ખૂબ મોટા છે અને કેટલાક ખૂબ નાના છે. અમુક દેશોમાં અબજો લોકો વસે છે જ્યારે અમુક દેશોમાં માત્ર થોડા હજાર કે લાખો લોકો રહે છે. જો કે, અમે જે દેશમાં વાત કરી રહ્યા છીએ, ત્યાં હાલમાં માત્ર ત્રણ શ્વાન અને ત્રણ માણસો રહે છે. અમે જે દેશની વાત કરી રહ્યા છીએ તે હકીકતમાં દેશ નથી પરંતુ તમે તેને માઈક્રોનેશન કહી શકો છો. કારણ કે તેની પોતાની નૌકાદળ, નૌકાદળ એકેડમી, પોસ્ટલ સેવા, બેંકો, અવકાશ કાર્યક્રમ, રેલમાર્ગ અને ઓનલાઈન રેડિયો સ્ટેશન છે. આ દેશ અમેરિકાના નેવાડામાં સ્થિત છે. આ માઈક્રોનેશન ૧૧ એકરમાં આવેલું છે. વિશ્વ તેને ગ્રાન્ડ રિપબ્લિક ઓફ ગોલ્ડસ્ટેઈન અથવા રિપબ્લિક ઓફ મોલોસિયા કહે છે. તેની સ્થાપના ૧૯૭૭માં થઈ હતી. જો આ દેશની વસ્તીની વાત કરીએ તો તે માત્ર ૩૮ છે. જો કે હાલમાં અહીં માત્ર ત્રણ શ્વાન અને ત્રણ માણસો જ રહે છે. મોલોસિયા ગણરાજ્ય ભલે પોતાનામાં એક દેશ કહેવાય છે, પરંતુ તેને હજુ સુધી સંયુક્ત રાષ્ટ્ર તરફથી માન્યતા નથી મળી. આ દેશના રાષ્ટ્રપતિનું નામ છે કેવિન વૉઘ. જ્યારે તમે આ દેશમાં પહોંચશો.

### ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે, મોતનો આંકડો વધવાની શક્યતા

## ચીનમાં ભયાનક ભૂંકપના કારણે ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે

। બેઇજિંગ, તા.૧૯ ।



ચીનમાં મધ્યરાત્રિએ આવેલા જોરદાર ભૂકંપને કારણે એવી તબાહી મચી છે કે ચારેબાજુ મૃતદેહોના ઢગલા જોવા મળ્યા છે. ચીનમાં આજે એટલે કે બુધવારે વહેલી સવારે જોરદાર ભૂકંપ આવ્યો, જેમાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

ચીનના સરકારી મીડિયાના અહેવાલ મુજબ, ઉત્તર-પશ્ચિમ ચીન એટલે કે ચીનના ગાંસુ-કિંઘાઈ પ્રાંતમાં આવેલા ૬.૨ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપમાં મૃત્યુઆંક અત્યાર સુધીમાં ૧૧૦ને પાર કરી ગયો છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ ભૂકંપ એટલો જોરદાર હતો કે અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ અને ચારેબાજુ લોકો ચીસો પાડવા માંડ્યા હતા. સમાચાર એજન્સી એપીના અહેવાલ અનુસાર, સત્તાવાર સમાચાર એજન્સી સિન્હુઆએ જણાવ્યું કે સોમવારે મોડી રાત્રે આવેલા ભૂકંપમાં ગાંસુ પ્રાંતમાં ૧૦૦ અને પડોશી કિંઘાઈ પ્રાંતમાં ૧૧ લોકોના મોત થયા છે. સિન્હુઆએ જણાવ્યું કે ભૂકંપમાં ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે, ગાંસુમાં ૯૬ અને કિંઘાઈમાં ૧૨૪ લોકો ઘાયલ થયા છે.

ભૂકંપ ગાંસુની જિશિશાન કાઉન્ટીમાં, કિંઘાઈ સાથેની પ્રાંતીય સરહદથી લગભગ ૫ કિલોમીટર (૩ માઈલ) દૂર આવ્યો હતો. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ચીનમાં ૬.૮ની તીવ્રતાના ભૂકંપમાં ઓછામાં ઓછા ૭૪ લોકોના મોત થયા હતા. તે ભૂકંપથી ચીનના દક્ષિણ-પશ્ચિમ પ્રાંત સિચુઆનને પણ હચમચાવી દેવામાં આવ્યું હતું, જેના કારણે પ્રાંતીય રાજધાની ચેંગડુમાં ભૂસ્ખલન થયું હતું અને ઈમારતો ધ્રૂજી ઊઠી હતી.

## પ.બંગાળના આગામી મુખ્યમંત્રી તરીકે અભિષેક બેનર્જી હોટફેવરિટ

। કોલકાતા, તા.૧૯ ।

૧૯૯૮માં જ્યારે મમતા બેનર્જીએ કોંગ્રેસ છોડીને તૃણમૂલ કોંગ્રેસનું ગઠન કર્યું ત્યારે બંગાળમાં કોંગ્રેસના ઘણા મોટા નેતાઓ તેમની સાથે આવ્યા હતા. જોકે લાંબી લડાઈ બાદ વર્ષ ૨૦૧૧માં જ્યારે તૃણમૂલ કોંગ્રેસે બંગાળની સત્તા પરકબજો કર્યો ત્યારબાદથી રાજ્યના રાજકારણમાં મમતા બેનર્જીના ઉત્તરાધિકારી અંગે હંમેશા અટકળો લગાવવામાં આવી રહી છે. તેમની જગ્યા કોણ લેશે તે અંગે વારંવાર ચર્ચા થતી આવી છે.

હવે જ્યારે મમતાના ભત્રીજા અભિષેક બેનર્જીએ રાજનીતિમાં પોતાની મજબૂતી સાબિત કરી દીધી છે ત્યારે સ્પષ્ટ થઈ ગયું છે કે તેઓ રાજ્યના આગામી મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. તેના પર પાર્ટીના પ્રવક્તા કુણાલ ઘોષે પણ મહોર લગાવી દીધી છે. સોમવારે તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જી તેમની ફોઈના સ્થાને મુખ્યમંત્રીનું પદ સંભાળશે. કુણાલ ઘોષનું આ નિવેદન પંશ્ચિમ બંગાળની સત્તારુઢ પાર્ટી ટીએમસીમાં રાજનેતાઓની યુવા પેઢી સામે જૂના નેતાઓ વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે આવ્યું છે. તેની શરૂઆત ગત નવેમ્બર મહિનાના અંતમાં થઈ હતી. જ્યારે બે વખતના સાંસદ અને ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જીએ કહ્યું કે, ભલે રાજનીતિ હોય કે, કોઈ અન્ય ક્ષેત્ર મારું માનવું છે કે, ઉચ્ચ વય મર્યાદા હોવી જોઈએ. એક વ્યક્તિ જે કામ ૩૦ વર્ષની ઉંમરમાં કરે છે તે ૩૫ અથવા ૫૦ વર્ષના લોકો પણ કરી શકે છે.

# પશ્ચિમ રેલવે ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સની ૧૭મી સ્ટેટ રેલીનું સમાપન

પશ્ચિમ રેલવે અને ભારત સ્કાઉટ-ગાઇડ્સ દ્વારા ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ થી ૧૯ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ફૂટબોલ ગ્રાઉન્ડ ન્યુ રેલ્વે કોલોની સાબરમતી, અમદાવાદ ખાતે આયોજિત ૧૭મી સ્ટેટ રેલી (કેમ્પ) નું સફળતાપૂર્વક સંપન્ન થયું.

આ કાર્યક્રમમાં પશ્ચિમ રેલવે ના ૦૭ જિલ્લા સંઘ - અમદાવાદ, મુંબઈ, વડોદરા, ભાવનગર, રાજકોટ, રતલામ, દાહોદ અને ક્ષેત્રીય રેલવે, નિકટવર્તી રાજ્યો થી મધ્યપ્રદેશ, રાજસ્થાન અને દાદરા નગર હવેલીના લગભગ ૭૦૦ સ્કાઉટ્સ/ગાઇડ્સઓ એ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ રેલી (કેમ્પ)માં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, પાયોનિયરિંગ અને વિવિધ કૌશલ્ય સંબંધિત કાર્યક્રમોમાં સ્કાઉટ્સ/ગાઇડ્સઓ એ સક્રિયપણે ભાગ લીધો હતો.

તારીખ ૧૫/૧૨/૨૦૨૩ થી પશ્ચિમ રેલવે રાજ્ય ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની ૧૭મી રાજ્ય રેલીનું આયોજન સાબરમતી ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે મુખ્ય મહેમાન શ્રી સુધીર કુમાર શર્મા મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ શ્રી દયાનંદ સાહુ અપર મંડળ રેલ પ્રબંધક અને અન્ય વરિષ્ઠ મંડળની હાજરીમાં થયો. આ સમારોહ ની શોભા વધારવા શ્રી મનીષ મહેતા, રાષ્ટ્રીય આયુક્ત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સ્કાઉટ અને ગાઈડના બાળકો દ્વારા તમામ ઉપસ્થિત મહેમાનોને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પછી, ધ્વજવંદનનો કાર્યક્રમ અને તમામ મહેમાનોનો સન્માન સમારોહ પશ્ચિમ રેલવે ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના રાજ્ય અને જિલ્લા સભ્યો દ્વારા કરવામાં આવ્યો હતો, ત્યારબાદ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

તારીખ ૧૬.૧૨.૨૦૨૩ ના રોજ, શારીરિક તંદુરસ્તી સ્પર્ધા અને મનોરંજક રમતનું મૂલ્યાંકન શ્રીમતી મનીષા વલ્વલકર, સંયુક્ત સ્ટેટ સચિવ, ચર્ચગેટ, મુંબઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્કાઉટ્સ અને ગાઈડ્સના બાળકોએ રૂટ માર્ચની શરૂઆત શ્રી રાજેશ અગ્રવાલ, મહાપ્રબંધક, NHSRCLની હાજરીમાં કરી હતી જે સાબરમતીના વિવિધ સ્થળોએ થઈને સાબરમતી ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે સંપન્ન થઈ હતી, પાયોનિયરિંગ પ્રોજેક્ટ સ્પર્ધા SOC-BSG શ્રી પવન કુમાર જીની હાજરીમાં યોજાઈ હતી, ક્વિઝ સ્પર્ધા રાજ્ય મુખ્યાલયના સભ્યો દ્વારા સંપન્ન કરવામાં આવી હતી. કેમ્પ ફાયરના મુખ્ય અતિથિ શ્રી અશોક કુમાર જિલ્લા આયુક્ત (સ્કાઉટ)ની સામે બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

તારીખ ૧૭.૧૨.૨૦૨૩ ના રોજ ગેટ બિલ્ડિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, ગ્રામ્ય મેળા સ્પર્ધાના મહેમાન શ્રી એસ. શુભ્રમનિયમ સ્ટેટ ટ્રેઝર દ્વારા સંપન્ન કરવામાં આવ્યું આ સાથે મુખૌટા મેકિંગ, ટોટેમ પોલ, GIANT ડોલ મેકિંગ કોમ્પિટિશનનું પણ આયોજન કરવામાં આવ્યું અને લોકનૃત્ય રજૂ કરવામાં સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના બાળકો દ્વારા આવ્યું હતું,

તારીખ ૧૮.૧૨.૨૦૨૩ ના શ્રી શ્યામ સિંહ પ્રધાન મુખ્ય સંરક્ષા અધિકારી અને શ્રી ખુશાલ સિંહ CPTM પશ્ચિમ રેલવેનું સ્વાગત કરવામાં આવ્યું અને માર્ચ પાસ્ટની સલામી સ્કાઉટ્સ અને ગાઈડ્સના બાળકો દ્વારા આપવામાં આવી. ૧૮.૧૨.૨૦૨૩ વિવિધ સ્પર્ધાઓ જેવી રંગોળી, પોસ્ટર મેકિંગ, ફેસ પેઈન્ટીંગ અને સાંસ્કૃતિક કાર્યક્રમો નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી (કેમ્પ) દરમિયાન, તમામ સ્કાઉટ્સ














અને ગાઈડ દ્વારા વિવિધ પ્રકાર ની આપદાપ્રબંધનમાં કરવામાં આવતા કર્યો અને ઉપકરણો નું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

મંડળ રેલ પ્રબંધક શ્રી શર્માએ માહિતી આપતાં જણાવ્યું હતું કે સ્કાઉટ્સ અને ગાઈડનો મુખ્ય ઉદ્દેશ્ય સામૂહિક ટીમવર્ક, નેતૃત્વ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવાનો છે. આ રેલી દ્વારા ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સના મૂલ્યો અને આદર્શોનો પ્રોત્સાહિત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે શ્રી શ્યામ સિંહ પ્રધાન મુખ્ય સંરક્ષા અધિકારી,શ્રી ખુશાલ સિંહ ઝૅસ, શ્રી સુધીર કુમાર શર્મા મંડળ રેલ પ્રબંધક અમદાવાદ,શ્રી રવીશ કુમાર મંડળ રેલ પ્રબંધક ભાવનગર, શ્રી અનંત કુમાર CPM ગતિશક્તિ, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી દયાનંદ સાહુ, અપર મંડળ રેલ પ્રબંધક શ્રી લોકેશ કુમાર, વરિષ્ઠ મંડળ મિકેનિકલ એન્જિનિયર સાબરમતી શ્રી અશોકકુમાર મીના તથા તમામ શાખાના અધિકારીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### ગેરકાયદે કેમિકલ પાવડર ઉત્પાદન કરતી ફેક્ટરી ઝડપાઇ

। ખેડા, તા.૧૯ ।

ગુજરાત પોલીસને એક મોટી સફળતા મળી છે. ખેડા પોલીસના SOGએ સોમવારે એક ફેક્ટરીમાંથી ક્લોરલ હાઈડ્રેટ, પ્રતિબંધિત નશીલા પદાર્થનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. જેનો સસ્તા નશા તરીકે દુરુપયોગ સમગ્ર મધ્ય ગુજરાતમાં કરવામાં આવ્યો હતો. વર્ષો બાદ ક્લોરલ હાઈડ્રેટનો જથ્થો મળી આવતા ખળભળાટ મચી ગયો છે. પોલીસે સોમવારે નડિયાદ જીઆઈડીસીમાં રાસાયણિક રીએજન્ટનું ઉત્પાદન કરતી ફેક્ટરી પર દરોડો પાડ્યો અને ફેક્ટરી પરિસરમાં કેમિકલનો મોટો જથ્થો મળી આવ્યો છે. સમગ્ર મુદ્દે FSL દ્વારા તપાસ કરવામાં આવશે.

### ભોપાલ ડિવિઝનના સંત હિરદારામ નગર સ્ટેશન પર નોન ઇન્ટરલોકિંગ કાર્ય ને કારણે ગાંધીનગર-વારાણસી સાપ્તાહિક એક્સપ્રેસ રદ રહેશે

। ભોપાલ, તા.૧૯ ।

ભોપાલ ડિવિઝનના રામગંજ મંડી-ભોપાલ સ્ટેશન વચ્ચે નવી બ્રોડગેજ રેલ લાઈનના કામના સંબંધમાં સંત હિરદારામ નગર સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે ગાંધીનગર કેપિટલ-વારાણસી સાપ્તાહિક એક્સપ્રેસ રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ -

૧. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૩ અને ૦૩ જાન્યુઆરી, ૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૪૬૭ વારાણસી ગાંધીનગર કેપિટલ સુપરફાસ્ટ એક્સપ્રેસ રદ રહેશે. ૨. ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩ અને ૦૪ જાન્યુઆરી, ૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૪૬૮ ગાંધીનગર કેપિટલ - વારાણસી સુપરફાસ્ટ એક્સપ્રેસ રદ રહેશે.

ટ્રેનના સ્ટોપેજ, સંરચના, રૂટ અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ એ કૃપા કરીને www.enquir.indianrail.gov.inની મુલાકાત લેવી.



સાબરમતી રિવરફ્રન્ટમા ફ્લાવર શોની ચાલી રહેલ તૈયારી જેમા વિવિધ પ્રકારના ફૂલના રમકડા બનાવી રહેલ કારીગર.

#### મોડાસા ફાયર ટીમે મેળવ્યો કાબૂ

## તલોદની વ્હાઈટ કોલ બનાવતી ફેક્ટરીમાં મોડી રાત્રે આગ લાગી

**મગફળીના ભૂસામાંથી વ્હાઈટ કોલ બનાવવાની ફેક્ટરી હોવાને લઈ બેદરકારી દાખવવામાં આવતા આગ પ્રસરી હોવાનું પ્રાથમિક અનુમાન કરવામાં આવ્યુ છે**

। તલોદ, તા.૧૯ ।

તલોદના હરસોલ પાસે એક ખાનગી કંપનીમાં આગની ઘટના મોડી રાત્રી દરમિયાન બની હતી. આગની ઘટનાને પગલે મોડાસા ફાયર બ્રિગેડને કોલ અપાતા ફાયરની એક બાદ એક ત્રણ ટીમો સ્થળ પર પહોંચી હતી અને આગને કાબૂમાં લેવામાં આવી હતી. મગફળીના ભૂસામાંથી વ્હાઈટ કોલ બનાવવાની ફેક્ટરી હોવાને લઈ બેદરકારી દાખવવામાં આવતા આગ પ્રસરી હોવાનું પ્રાથમિક અનુમાન કરવામાં આવ્યુ છે. સાબરકાંઠા જિલ્લાના તલાદ તાલુકામાં આગની ઘટના સોમવારે મોડી રાત્રે સર્જાઈ હતી. સ્થાનિકને બદલે મોડાસા ફાયર બ્રિગેડની ટીમને આગની ઘટનાનો કોલ આપવામાં આવ્યો હતો. જેને લઈ મોડાસા ફાયર બ્રિગેડની ૩ ટીમો રાત્રી દરમિયાન જ હરસોલ જવા માટે રવાના થઈ હતી. હરસોલ વિસ્તારમાં આવેલ વ્હાઈટ કોલ બનાવવાની ખાનગી



ફેક્ટરીમાં આગ લાગતા તેને બુઝાવવામાં આવી હતી. વહેલી સવારે આગને કાબૂમાં લેવામાં આવી હોવાની જાણકારી સામે આવી છે. રાત્રી દરમિયાન ફાયર ટીમોએ સતત પ્રયાસો બાદ આગને વહેલી સવારે કાબૂમાં લીધી હતી. મગફળીના ભૂંસામાંથી વ્હાઈટ કોલ તૈયાર કરવામાં આવતો હોય છે અને જે તૈયાર કરવો અને કોલનો સંગ્રહ કરવો એ જવાબદારી પૂર્ણ કાર્ય છે. જેમાં બેદરકારી દાખવવાને પગલે આ ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક અનુમાન કરાયું છે. સાથે જ સ્થાનિક સાબરકાંઠા જિલ્લા ફાયર અને ડિઝાસ્ટર પણ આ અંગે અંધરામાં રહ્યુ અને પાડોશી જિલ્લાની ફાયર ટીમને કોલ આપવાને લઈ પણ આશંકાઓના સવાલો થયા છે.

## સાયન્સ સિટીમાં કેક્ટસ અને સક્યુલન્ટ્સ ધ ડેઝર્ટ પ્લાન્ટસ વિષય પર એક દિવસીય વર્કશોપ યોજાયો



। અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત સાયન્સ સિટી ખાતે આજ રોજ, કેક્ટસ અને સક્યુલન્ટ્સ ધ ડેઝર્ટ પ્લાન્ટ્સ વિષય પર એક દિવસીય વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં આશરે ૫૦ જેટલા બોટની વિષય પર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન કેક્ટસના નિષ્ણાંત ડો. વિ.પી.બોડા દ્વારા વિદ્યાર્થીઓને કેક્ટસ-સક્યુલન્ટ્સ તથા તેના મહત્વ વિશે વિદ્યાર્થીઓને ઉંડાણપુર્વક માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ, આ ઉપરાંત "Opuntia Ficus-indica" નામની કેક્ટસની પ્રજાતિ ઉપર વિશેષ સમજણ આપવામાં આવી હતી. આ પ્રજાતિ દુનિયાભરમાં તેના વિવિધ ઉપયોગો તથા મહત્વને લીધે ખુબ મોટા પાયામાં ઈકોનોમીકલ લેવલે ઉગાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ ખાસ કરીને આ વિષયમાં રસ દાખવી, ભવિષ્યમાં તેના પર વધારે રીસર્ચ કરી અને કારકિર્દિ બનાવી શકે તે અંગેનુ માર્ગદર્શન ડો. બોડા તથા સાયન્સ સિટીના જનરલ મેનેજર ડો.વ્રજેશ પરીખ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યુ. ત્યારબાદ સાયન્સ સિટીના લાઈફ સાયન્સ પાર્કના કેક્ટસ કોર્નરમાં જઈ વિદ્યાર્થીઓને કેક્ટસની વિવિધ પ્રજાતિઓની ઓળખ આપી અને તેનુ મહત્વ સમજાવ્યુ તથા વિવિધ કલ્ટીવેશન મેથડ પણ પ્રેક્ટિકલ કરી બતાવવામાં આવી હતી. ગુજરાત સાયન્સ સિટી અવિરતપણે આવા વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારના કાર્યક્રમોનુ આયોજન કરતી રહે છે.

#### રાજ્યમાં હળવા વરસાદની સંભાવના

## આગામી દિવસોમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની સંભાવના

**અમરેલી, પોરબંદર, દ્વારકામાં કમોસમી વરસાદની શક્યતા સેવાઈ રહી છે તો કચ્છ સહિત રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે**



। અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યના હવામાન વિભાગ દ્વારા ફરી એક વખત માવઠાની આગાહી આપવામાં આવી છે. આગામી દિવસોમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. અમરેલી, પોરબંદર, દ્વારકામાં કમોસમી વરસાદની શક્યતા સેવાઈ રહી છે. તો કચ્છ સહિત રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની આગાહીના લીધે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હવામાન વિભાગે ભર શિયાળે વરસાદની આગાહી કરતા ખેડૂતોના જીવ પડિકે બંધાયા છે. દરિયા કિનારાના વિસ્તારોમાં હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. અત્રે જણાવીએ કે, છેલ્લા બં દિવસથી ઠંડીનો પારો પણ ગગડ્યો છે. અત્યારે ગુજરાતના વિવિધ શહેરોમાં તાપમાન ૨થી૩ ડિગ્રી ઘટ્યું છે. ત્યાર આ બધાની વચ્ચે વરસાદની આગાહી કરાઈ છે. ભેજ સાથે પવન આવતા વરસાદી માહોલ રહી શકે છે તેમજ ઉત્તર પૂર્વના પવન અને ભેજને લઈને ક્યાંક વરસાદી ઝાપટા પડશે. સૌથી ઓછું તાપમાન નલિયામાં ૧૧.૮ ડિગ્રી આસપાસ નોંધાયું છે. વધુમાં કહ્યું કે, અમદાવાદમાં ૧૫.૫ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

પવનની ગતિના કારણે આજે ઠંડી ભારે ચમકારો જોવા મળ્યો છે. આગામી ત્રણ દિવસ બાદ તાપમાનમાં એક ડિગ્રી ઘટી શકે શકે તેમ પણ હવામાન વિભાગે જણાવ્યું છેશિયાળાની સિઝન શરૂ બાદ જ હવે ધીમે ધીમે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ગુલાબી ઠંડીનું જોર વધતા લોકો તાપણાનો સહારો પણ લેતા જોવા મળી રહ્યા છે. જ્યારે બીજી તરફ કેટલાક લોકો ઠંડીમાં પર્યટક સ્થળો ફરવા જવાનું વધુ પસંદ કરી રહ્યાં છે. જો કે, વહેલી સવારે ગુલાબી ઠંડીમાં મોનિંગ વોક માટે જતા લોકોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. તો વળી કેટલાક લોકો ઠંડીનું પ્રમાણ વધતા લોકો ઘરમાં જ પૂરાઈ રહેવાનું વધારે પસંદ કરી રહ્યા છે. રાજ્યમાં ગુલાબી ઠંડી દસ્તક દેતા ખેડૂતોમાં આનંદ છવાયો છે. ચાલો જાણીએ આજે મોટો શહેરમાં કેટલું તાપમાન છે. અત્રે જણાવીએ કે, અમદાવાદ શહેરમાં આ સિઝનમાં પહેલીવાર ગઈકાલે તાપમાન ૧૩.૩ ડિગ્રી નોંધાયો હતો.







#### મિત્રોની ગેંગ મોંઘાદાટ સ્પોર્ટ્સ બાઈક ચોરી રીલ્સ બનાવત

## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ત્રણ બાઈક ચોરની ધરપકડ કરી

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ત્રણ બાઈક ચોરની ધરપકડ કરી છે પોલીસની પૂછપરછ માં બાઈક ચોરીનું જે કારણ સામે આવ્યું તે સાંભળતા પોલીસ પણ ચોકી ઉઠી હતી. રીલ્સ બનાવીને યુવતીઓને પ્રભાવિત કરી શકે એ માટે થઈને તેઓ મોંઘીદાટ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતા હતા. ચોરી કરેલા બાઈકને રીલ્સ બનાવ્યા બાદ તેઓ બિનવારસી છોડી દેતા હતા. સામાન્ય રીતે કોઈ પણ ચોર પોતાની જરૂરિયાત સંતોષવા અથવા મોજ શોખ પૂરા કરવા માટે ચોરીના રવાડે ચડતો હોય છે. અલગ અલગ વસ્તુઓ કે રોકડ કે પછી સોના ચાંદીની ચોરીઓ કરતો હોય છે, પરંતુ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પકડેલા ત્રણ બાઈક ચોર સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવવાના શોખીન હતા. આ રીલ્સ થતી તે યુવતીઓને પ્રભાવિત કરી શકે તેના માટે મોંઘી બાઈક તેમજ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતા હતા. આ ચોર ચોરી કરેલી બાઈક પર રીલ્સ બનાવતા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વાડજ પાસેથી પુખરાજ રાવત, જીતેન્દ્રસિંહ રાવત અને ધર્મેન્દ્ર રાવત નામના ત્રણ બાઈક ચોરોની ધરપકડ કરી છે. આ ત્રણેય બાઈક ચોર પાસેથી બે અલગ અલગ કે.ટી.એમ ૨૦૦ અને રોયલ એનફીલ્ડ ક્લાસિક બાઈક પણ મળી આવ્યા છે. જોકે આ બાઈક ચોર ગેંગનો હજી એક આરોપી પોલીસ પકડથી દૂર છે. પોલીસે ત્રણેય બાઈક ચોરોની પૂછપરછ કરતા સામે આવ્યું કે આ બંને બાઈકો ચાંદખેડા વિસ્તારમાંથી ચોરી કરી હતી. પોતાના રિલ્સ બનાવવાના શોખને પૂરા કરવા માટે આ મોંઘી બાઈકોની ચોરીઓ કરી હતી. પોલીસની તપાસમાં પણ સામે આવ્યું છે કે આરોપીઓ સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવતા હતા. રીલ્સ થકી તે યુવતીઓને પ્રભાવિત કરવા માટે અલગ-અલગ બાઈકો ચોરી કરી તે બાઈક પર રીલ્સ બનાવતા હતા. રિલસ બનાવ્યા બાદ ચોરી કરેલું બાઈક ગમે ત્યાં મૂકી દેતા હતા. આમ બાઈક ચોર ટોળકી મોંઘાદાટ સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતી હતી અને બાદમાં રીલ્સનું કામ પતી જાય એટલે તેઓ બાઈકને બિનવારસી જ છોડી દેતા હતા.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨